# સહજ-સત્સંગ

અંક : ૨૩૮ વર્ષ : ૨૧ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા જાન્યુઆરી : ૨૦૦૯



## અખંડતાની આરાધક

બાળા હું ભારત તણી, અખંડતા ઝંખુ,
સાથે મળીને પ્રભુ સથવારે, સાકાર સ્વપ્ન કરશું



**શ્રી માતાજી**

મા મીરાંબા મધુરા અતિ, સ્નેહમૂર્તિ સમાન,
ચૈત્યપુરૂષને ઢંઢોળીને, રચે અધ્યાત્મ-પ્રયાણ.

# પ્રાર્થના અને ધ્યાન

(૨૩-૪-૧૯૧૪)



સાધનાની નિયમિતતા ચાલી ગઈ છે. બધો પ્રયત્ન અટકી પડ્યો છે..... આ બધું મારી પોતાની ઈચ્છાથી નથી થયું..... બેદરકારીથી પણ નથી થયું. સંજોગો એવા ઊભા થયા છે કે આવી સ્થિતિ બનવા પામી છે.

મારું સ્વરૂપ, કોઈક વસ્તુ શાંતિપૂર્વક સમર્પિત થઈ ગઈ હોય અને પ્રવાહ તેને જેમ લઈ જાય તેમ વહી જતી હોય. તેના જેવું બની રહ્યું છે.

કોઈવાર મેં અતિશય જડ બની જઈને તથા મુલાયમતા અને સાહજિકતાના અભાવને લીધે ભૂલો કરી છે, તો.... એથી ઉલટી રીતની અતિશયતા આચરીને ભૂલ કરી શકું છું. હું જે સ્થિતિમાં છું, તેને મેં શાંતિ પૂર્વક સ્વીકારી લીધી છે.

ઓ પ્રભુ.... તારા કરણને કેવી રીતે વાપરવું અને વિકસાવવું એ તું સારામાં સારી રીતે જાણે છે.....

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૪૧ વર્ષ : ૨૧

જાન્યુઆરી - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલિતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવિયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : **૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ

**વાર્ષિક માતૃચરણે અર્પણ**

વાર્ષિક રૂ. ૧૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ- 'રાજકોટ ના નામે મોકલશો.**

**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)**

# પ્રાર્થના અને ધ્યાન

શ્રી માતાજી પ્રકાશની સાધના કરવા ટેવાએલાં હતાં. શુદ્ધ નિર્મળ પ્રકાશથી પોતાના સમગ્ર શરીરને છલોછલ અને ઓતપ્રોત ભરી દેવાનું રોજ ધ્યાન  કરતાં. અરે..... ચાલતી બોલતી વખતે, કામ કરતી વખતે પણ પોતાનું તે ધ્યાન પાર્શ્વભૂમિમાં ચાલતું રહેતું. શ્રી માતાજી સતત અનુભવતા કે તે પ્રકાશ કલ્પના માત્ર નથી. પણ પ્રત્યક્ષ પ્રભુનો જ પ્રકાશ છે અને પ્રભુ સ્વરૂપ જ છે. તે પ્રકાશમાંથી તેઓ પ્રેરણા મેળવતા અને તે પ્રેરણાનુસાર જ જીવનને સંચાલિત કરતા. તે પ્રકાશ જ તેમને પૂરેપુરૂ સંરક્ષણ પૂરૂ પાડે છે એવું અનુભવતા.

વેદકાલિન ઋષિઓ પણ આવી સાધના કરતાં. ભૃગુઋષિનું સ્વર્જયોતિ સુક્ત આનું પ્રત્યક્ષ પ્રમાણ છે. વેદોમાં સાધકને માટે કહ્યું છે કે 'પૃથિવ્યામ્ આભરેત્' તારી પૃથ્વીને પ્રકાશથી છલોછલ ભરી દે. પૃથ્વી એટલે પાર્થિવ-શરીર.

પ્રકાશના ધ્યાનથી વ્યક્તિમાં રહેલી પ્રજ્ઞા-શક્તિ જાગૃત થાય છે. પ્રજ્ઞાશક્તિ એ પ્રભુની જ દિવ્ય-શક્તિ છે. 'પ્રજ્ઞાનં બ્રહ્મ' આ વાક્યનો અર્થ જ એ છે. શ્રી અરવિંદ આને જ અતિમનસ શક્તિ કહે છે.

આ સંકલ્પબળે શરીરમાં પ્રકાશને સ્થિર કરવાની સાધનાની નિયમિતતા શિથિલ થતી માતાજી અનુભવે છે. માતાજી જાણે છે કે આ તેમના આળસનું પરિણામ નથી. બેદરકારી પણ નથી. પણ સાધનાની પોતાની સહજ અવસ્થા રચાઈ છે. હવે માતાજી અનુભવે છે કે તેમને સંકલ્પબળ વાપરવું જ પડતું નથી. તેમની તે સહજ-અવસ્થા બની ગઈ છે. માતાજી સહજ રીતે પેલા આંતરિક પ્રકાશ સાથે એકરૂપ થઈ ગયા છે. પોતાની અલગતા ઓગળી ગઈ છે. પૂર્ણ સમર્પિત અવસ્થા સર્જાઈ છે. હવે જીવનને સંકલ્પબળે સંચાલિત કરવાની ઈચ્છા થતી નથી. પેલો પ્રકાશ જ જાણે પોતે સંચાલિત કરતો જાય છે. માતાજી તો જાણે જીવનના પ્રવાહમાં સહજ ભાવે વહેતા જતા હોય એવું અનુભવી રહ્યા છે.

સંકલ્પબળે જીવનને દોરવામાંની ક્ષતિઓ માતાજી અનુભવી રહ્યા છે.

બૌદ્ધિકજ્ઞાનથી દોરવાએલો સંકલ્પ ઘણી વખત વધારે કઠોરતા આચરતો તેઓ જોઈ શકે છે. તે સાધનામાં થતા ચેતનાના વિકાસને એકરીતે સ્વતંત્રતા ન આપતા પોતાની કલ્પના અને આદર્શ મુજબ ઘડવાનો મિથ્યાગ્રહ રાખે છે. આથી વિરૂદ્ધ ઘણી વખત સંકલ્પબળની કઠોરતા ભાંગવા સાધનામાં ખોટી છૂટ પણ અપાઈ ગએલી એવું માતાજીને લાગી રહ્યું છે. સારાંશ બૌદ્ધિક માર્ગદર્શન હવે નકામુ લાગવા માંડયું છે.

માતાજી અનુભવી રહ્યા છે કે તેમનો વિકાસ ખરેખર કેવી રીતે થવો જોઈએ. એ પ્રભુ પોતે જ સારી રીતે જાણે છે. તેથી પેલી પ્રકાશમય ચેતનામાં સ્થિર થયા પછી તે ચેતનાને જ સાધનાનું સંચાલન કરવાનું સ્વાતંત્ર્ય હોવું જરૂરી છે, કારણ તે પ્રકાશમય ચેતનાના માધ્યમ દ્વારા જ પ્રજ્ઞાશક્તિ જીવનનું આંતર-સ્ફૂરણાઓ દ્વારા ઘડતર કરતી હોય છે. આ તબક્કામાં સંકલ્પબળને સમર્પણભાવ વધારવામાં વાપરવું જોઈએ ન કે તે પ્રકાશમય - ચેતનામાંથી પ્રેરણાઓ મેળવવામાં.

સાધનાના અમુક તબક્કામાં પ્રભુ પોતે જ યોગીની સાધનાનું સંચાલન પોતે જ કરવા માંડે છે, તે તબક્કાની શરૂઆત થએલી માતાજી અનુભવી રહ્યાં છે.

ગીતામાં જણાવેલાં 'બુદ્ધિયોગં દધામ્યહમ્' આ વાક્યનો આ જ ગૂઢાર્થ છે પ્રજ્ઞાશક્તિ યોગીની બુદ્ધિ સાથે જ્યારે જોડાઈ જાય છે ત્યારે જે બુદ્ધિની આલોકિત અવસ્થા નિર્માણ થાય છે તેનો અહિં ઉલ્લેખ છે. શ્રી અરવિંદ આને "mind of light" અથવા પ્રકાશમય મન કહે છે.

**આ નૂતન-વર્ષ સર્વ સાધક ભાઈ-બહેનોને સાધનામાં પ્રગતિકારક, સાધનાના અવરોધોમાંથી મુક્તિદાયક, પોતામાં થતાં દિવ્યશક્તિના કાર્ય બાબત ખાતરીલાયક અને પ્રભુનાં મળતા સ્પર્શ અને અનુભૂતિ બાબત આનંદદાયક બની રહે એ પ્રભુ ચરણે પ્રાર્થના. - ટ્રસ્ટી મંડળ**

# ખુલ્લાપણું

- જ્યોતિબેન થાનકી

સામાન્ય પરિભાષામાં ખુલ્લાપણું એટલે કોઈપણ વ્યક્તિ કે વસ્તુના પ્રભાવ હેઠળ આવીને કાર્ય કરવું, તે પછી એ વ્યક્તિ સંત મહાત્મા હોય કે દુષ્ટ હોય, જેવી જેની અસર, તેવું મનુષ્યનું પ્રતિક્રિયાત્મક આચરણ હોય છે. મોટેભાગે નિમ્ન અસરોનો પ્રાભાવ વિશેષ હોય છે. નિમ્ન પ્રકૃતિના પરિબળો પ્રત્યે મનુષ્ય વધારે ઝડપથી ખુલ્લો થઈ જાય છે. દા.ત. કોઈએ જો ગુસ્સો કર્યો હોય તો, આપણી અંદર પણ એ વ્યક્તિના ગુસ્સાની પ્રતિક્રિયા રૂપે ક્રોધ આવી જાય છે. આપણે તેના ક્રોધ પ્રત્યે ખુલ્લાં થયાં. નિમ્ન વસ્તુઓ પ્રત્યે ખુલ્લું થયેલું જીવન દુઃખ, નિરાશા, ઉદ્વેગ, ખાલીપણાથી છવાયેલું હોય છે. એથી જ તેમાં સુખ શાંતિ હોતાં નથી. જીવન જો દિવ્ય વસ્તુઓ પ્રત્યે ખુલ્લું થાય તો જ જીવનમાં સ્થાયી આનંદ પ્રાપ્ત થઈ શકે છે.

**ખુલ્લાપણું એટલે શું ?**

ખુલ્લાપણું એટલે પ્રભુની શક્તિ પ્રત્યે આપણા અસ્તિત્વનું ઉદ્‌ઘાટન. આમાં પ્રભુ પ્રત્યે, આપણે જેમ પુસ્તકને ખુલ્લું મૂકીએ તેમ આપણી જાતને ખુલ્લી મૂકી દેવાની છે. કમળની એક પાંખડી સૂર્ય પ્રકાશમાં ખીલતી અને ખુલતી જાય તેમ આપણા અસ્તિત્વના બધા જ ભાગોને દિવ્યશક્તિ પ્રત્યે ખુલ્લા કરવાના છે. જેથી પ્રભુની દિવ્યશક્તિ એ ભાગોને પ્રકાશિત કરે અને તેનું રૂપાંતર થાય.

**ખુલ્લાપણું કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?**

પ્રભુની શક્તિ પ્રત્યે ખુલ્લા થવાનો માર્ગ બતાવતાં શ્રી અરવિંદ કહે છેઃ '' સમર્પણ ખુલ્લા થવાનો શ્રેષ્ઠ માર્ગ છે. તે સંકલ્પની સચ્ચાઈ અને અભીપ્સા દ્વારા બની આવે છે '' પ્રભુને સમર્પણ કરવાથી પછી સહજપણે જ પ્રભુ પ્રત્યે ખુલ્લા થવાય છે.

બીજું, દિવ્યશક્તિ પ્રત્યે ખુલ્લાં થવા માટેની સતત અભીપ્સા હોવી જોઈએ. આ સંદર્ભમાં શ્રી અરવિંદે જણાવ્યું હતું કે, ''ખુલ્લા થવા માટે અભીપ્સા કરવી જોઈએ. અભીપ્સા, પ્રાર્થના એ બધાં એક જ વસ્તુના જુદાં જુદાં સ્વરૂપો છે. એમાંનું જે સ્વરૂપ સહજ પણે આવે તે સ્વીકારવું.''

સાચી અભીપ્સા હોય તો મનુષ્ય દિવ્યશક્તિ પ્રત્યે અચૂક ખુલ્લો બની શકે

છે.

ત્રીજું, એકાગ્રતા દ્વારા પણ ખુલ્લાપણું બની આવે છે. તેમાં મનને શાંત કરીને હૃદયમાં એકાગ્રતા કરવાની છે. મનમાં બહારથી વિચારો આવે તો તેનો ઈન્કાર કરીને મનને શાંત રાખવાનું છે. હૃદયમાં એકાગ્રતા કરવાથી પ્રભુની દિવ્યશક્તિ પ્રત્યે ખુલ્લાપણું અનુભવાવા લાગે છે.

ચોથું, ભગવાન પ્રત્યે સંપૂર્ણપણે ખુલ્લા થવા માટે ધીરજપૂર્વક સતત પ્રયત્ન કરવો જરૂરી છે. દિવ્યશક્તિ અંદર ઊતરે અને કાર્ય કરે એ સ્થિતિની પ્રાપ્તિ માટે જાગૃત પણે સતત પ્રયત્ન કરવાનો રહે છે.

ખુલ્લાપણું કોઈ દબાણ કે જબરદસ્તીથી મેળવી શકાતું નથી. આપણી જાત ઉપર જોર જુલમ કરીને આપણે તેને ભગવાન પ્રત્યે ખૂલ્લી કરી કરી શકતાં નથી. એ કંઈ કઠોર વ્રત, તપશ્ચર્યા કે ઉગ્રસાધનાથી પણ મેળવી શકાતું નથી. એ તો ચેતનાની એક એવી સ્થિતિ છે કે જેમાં ભગવાન તરફથી જે કંઈ આવે છે, ને સીધું સ્વીકારાતું જાય છે. આ સ્થિતિમાં મનુષ્ય સભાન હોય છે કે પોતાની અંદર દિવ્યશક્તિ ઊતરી રહી છે, અને કાર્ય કરી રહી છે. આવી સ્થિતિ અભીપ્સા અને સમર્પણથી જ પ્રાપ્ત થઈ શકે છે.

**ખુલ્લાપણાની પ્રક્રિયા :**

ઘણી વખત તીવ્ર પ્રાર્થના કરતાં હોઈએ કે ઉત્કટ અભીપ્સા હોય છતાં ય દિવ્યશક્તિનો અનુભવ થતો હોતો નથી. આપણું અસ્તિત્ત્વ જાણે બંધ અને બિડાયેલું હોય તેવો જ અનુભવ થાય છે. આવે વખતે નિરાશ થઈને પ્રયત્ન છોડી દેંવાનો નથી પરંતુ પ્રયત્ન ચાલુ જ રાખવાનો છે. આપણાં મન, પ્રાણ અને શરીર દિવ્યશક્તિના પ્રવાહને ઝીલવા માટે પૂરેપૂરાં તૈયાર થઈ જાય ત્યારે જ તેમાં એ દિવ્ય પ્રવાહ ઊતરે છે. આ સંદર્ભમાં શ્રી અરવિંદે જણાવ્યું હતું કે ''ખુલ્લાપણું એકદમ ન થાય તો અધીરા ન થવું. મનમાં સંપૂર્ણ શાંતિ આવતાં થોડો સમય લાગે છે. પણ અનેક મુસીબતો હોવા છતાં ય ખુલ્લાપણું બની આવે છે. પણ ઘણા માણસો માટે ખુલ્લા થવું ઘણું મુશ્કેલ હોય છે. મન શાંત બને એકાગ્રતા સઘન બને, અભીપ્સા તીવ્ર બને, પછી આ અનુભૂતિની શરૂઆત થાય છે. જેટલો વિશ્વાસ વધારે તેટલી પ્રગતિ ઝડપી.''

જો આધાર તૈયાર ન હોય અને એકાએક ખુલ્લાપણું બની આવે તો આપણી અંદરના અશુદ્ધ રહી ગયેલા ભાગો દિવ્યશક્તિના પ્રવાહને ઝીલી શકતા નથી. તેનો વિરોધ કરે છે અને પરિણામે આપણી આંતરિક સમતુલા ભાંગી પડે છે અને

મન અને શરીરથી આપણે અસ્વસ્થ બની જઈએ છીએ. જેમ જેમ સ્વરૂપના ભાગો દિવ્યચેતના પ્રત્યે ખુલ્લા થતા જાય છે, તેમ તેમ એ શક્તિ તેમાં ઊતરીને સક્રિય બનતી જાય છે. ખુલ્લાપણાની આ પ્રક્રિયા બધામાં એકસરખી જ થતી રહે છે. શ્રી અરવિંદે આ વિષે જણાવ્યું હતું: ''બધા માટે ખુલ્લાપણું એક જ પ્રકારનું હોય છે. તેની શરૂઆત મન અને હૃદય ખૂલવાથી થાય છે અને પછી પ્રાણ ખૂલે છે, જ્યારે તે નિમ્નપ્રાણ અને શરીર સુધી પહોંચે છે, ત્યારે તે પૂર્ણ થાય છે.'' આમ ખુલ્લા થવાની પ્રક્રિયામાં સર્વપ્રથમ મન શાંત અને નીરવ થાય છે અને પછી તે દિવ્યશક્તિના પ્રવાહને ઝીલે છે પછી શરીરના એક એક કોષ જ્યારે ખુલ્લા બનીને દિવ્યશક્તિને પોતાની અંદર ધારણ કરે છે, ત્યારે રૂપાંતર શરૂ થાય છે.

**પૂર્ણયોગમાં ખુલ્લાપણાંનું મહત્વ :**

ભગવાનની શક્તિને પોતાની અંદર કામ કરવા દેવી એ શ્રી અરવિંદના યોગનું અતિમહત્વનું અંગ છે. નિમ્ન પ્રકૃતિનું દિવ્યરૂપાંતર ભગવાનની શક્તિ દ્વારા જ થઈ શકે છે. આ વિષે શ્રી અરવિંદે એક પત્રમાં જણાવ્યું હતું કે ''આ યોગમાં પોતાની જાતને પ્રભુના પ્રભાવ હેઠળ ખુલ્લી કરવી એ જ મૂળભુત સિદ્ધાંત છે. શ્રી માતાજી ખુલ્લાપણાંને જ ચેતનાની મુક્તિ કહે છે. એટલે કે ભગવાન પ્રત્યે ખુલ્લા થવાથી, એકમાત્ર એની જ દિવ્યઅસર હેઠળ રહેવાથી, આપણી સામાન્ય ચેતના નિમ્ન પ્રકૃતિની પકડમાંથી મુક્ત થાય છે. આવી મુક્ત થયેલી ચેતના દિવ્યશક્તિના પ્રકાશને પોતાની અંદર ધારણ કરવા લાગે છે અને દિવ્યકાર્યની શરૂઆત થાય છે.

ચેતનાની આ ખુલ્લાપણાંની સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી ભગવાનની ચેતના સાથે આપણો સંપર્ક સ્થાપાઈ જાય છે. ત્યારબાદ આપણા વિકાસ માટે જે કંઈ જરૂરનું હોય તે દિવ્યશક્તિ પોતે જ ગોઠવતી રહે છે. ધ્યાન, ધારણા, સમાધિ, અભ્યાસ, તપ, વ્રત, જપ દ્વારા જે પ્રાપ્ત થઈ શકતું નથી તે ભગવાનની ચેતના પ્રત્યે ખુલ્લા થવાથી સહજપણે પ્રાપ્ત થાય છે. આ સંદર્ભમાં શ્રી અરવિંદે જણાવ્યું છે કે, ''કેવળ ધ્યાનથી જ જે વસ્તુ જરૂરની હશે, તે વસ્તુ આવશે નહીં, શ્રી માતાજીમાં શ્રદ્ધા અને ખુલ્લાપણાંથી તે વસ્તુ આવશે.''

પૂર્ણયોગની સાધના ખુલ્લાપણાથી સરળ બની જાય છે. શ્રી માતાજી કહે છે કે ''જો તમે દિવ્યશક્તિ અને દિવ્યમદદ પ્રત્યે ખુલ્લા થશો તો તમને કોઈ શ્રમ પડશે નહીં.'' ખુલ્લા થવાથી જે શક્તિઓ આધારમાં ઊતરે છે, તે શક્તિઓને પછી કાર્ય કરવા દેવું જોઈએ. નહીંતર રૂપાંતર થતું નથી. આથી ખુલ્લાપણું અને સાથે સાથે દિવ્યશક્તિને સમર્પણ આ બંને દ્વારા જ દિવ્યરૂપાંતર શક્ય બને છે.

# ભવાની મંદિર : એક અધુરૂ સ્વપ્ન

(મધર ઈન્ડિયા નવે.૨૦૦૮ના સૌજન્યથી)
ભાષાંતર - શ્રી પી.એમ. વૈશ્નવ

આમ, આપણું જ્ઞાન, તમસના ભારી બોજાથી નમી પડયું છે. તેને નિર્વીયતા અને જડતાનો શાપ લાગ્યો છે. આજ-કાલ આપણે એવી કલ્પનામાં વિહાર કરવાનું પસંદ કરીએ છીએ કે આપણે વિજ્ઞાનને પ્રાપ્ત કરીએ, તો બધું સુધરી જશે. પરંતુ સૌ પ્રથમ તો આપણી જાતને એ પ્રશ્ન કરીએ કે આપણી પાસે જે જ્ઞાન ક્યારનું પ્રાપ્ત છે, તેનું આપણે શું કર્યું છે ? અથવા તો જેઓએ વિજ્ઞાનને પ્રાપ્ત કરી લીધું છે, તેઓ ભારત માટે શું કરી શક્યા છે ? માત્ર અનુકરણ કરનારા અને પહેલ કરવામાં સમર્થ એવા આપણે ઈંગ્લેન્ડની પદ્ધતિઓની નકલ કરવા પ્રયત્ન કર્યો, પરંતુ આપણી પાસે શક્તિ તો હતી નહિ, હવે આપણે જાપાનીઓની પદ્ધતિની નકલ કરવાના, પરંતુ તે તો ઘણી ઘણી શક્તિશાળી પ્રજા છે. તો શું આપણે વધુ સારી રીતે સફળ થઈશું ખરા ? યુરોપમાં વિકસેલું વિજ્ઞાનનું શક્તિશાળી શસ્ત્ર એ તો શૂરવીરોનું શસ્ત્ર છે, તે ભીમની ગદા છે. તેનો ઉપયોગ કોઈ નબળી વ્યક્તિ કરવા જાય તો તેના ભારથી ચગદાઈ જવા સિવાય શું બને ?

**શક્તિનાં અભાવમાં આપણી ભક્તિ ન તો જીવી શકે, ન તો કાર્ય કરી શકે.**

શું આપણામાં પ્રેમ, ઉત્સાહ કે ભક્તિની કમી છે ? આ બધાં તો દરેક ભારતીયની નસે નસમાં છે જ. પરંતુ શક્તિ ન હોવાથી આપણે એકાગ્ર થઈ શકતા નથી, આપણે દોરવણી આપી શકતા નથી, આપણે ભક્તિને સાચવી શકતા પણ નથી. ભક્તિ એ તો ઊર્ધ્વે આરોહતી જ્વાળા છે, શક્તિ તેનું બળતણ છે. જો બળતણ જ ઓછું હોય તો જ્વાળા ક્યાં સુધી ટકી શકે ?

જ્યારે બળવાન માનવ પ્રકૃતિ, જ્ઞાનથી પ્રકાશિત થયેલી, શિસ્તબદ્ધ બનેલી અને કર્મો દ્વારાં વિરાટ બળ પ્રાપ્ત કરેલી - આવી માનવ પ્રકૃતિ જ્યારે પ્રભુના પ્રેમ અને તેની આરાધના દ્વારા પોતાને ઊર્ધ્વમાં ઉઠાવે છે, ત્યારે તેને જે ભક્તિ પ્રાપ્ત થાય છે, તે જ ટકી રહેછે અને આત્માને કાયમને માટે પરમ પ્રભુ સાથે જોડી રાખે છે. પરંતુ નબળી પ્રકૃતિ એટલી બધી દુર્બળ હોય છે કે તે પૂર્ણ ભક્તિ જેવી બળવાન વસ્તુના આવેગને ધારણ કરી શકતી નથી. આવી વ્યક્તિ

એક ક્ષણ માટે ઊર્ધ્વમાં આરોહે છે, તેની જ્યોત સ્વર્ગ તરફ આરોહણ પણ કરે છે. પરંતુ અંતે તે વ્યક્તિને થાકેલો અને પહેલાં કરતાં પણ વધુ નિર્બળ બનાવી દે છે. કોઈ પણ પ્રકારનું સામાજિક આંદોલન કે જેનો પ્રાણ ઉત્સાહ અને ભક્તિ હોય છે, તે જેમાંથી આગળ વધે છે તે માનવ કરણ જો નિર્બળ અને હલકાં સત્વવાળું હોય, તો તે નિષ્ફળ જ જાય અને થોડા સમયમાં હોલવાઈ જાય.

**તેથી ભારતને માત્ર શક્તિની જ જરૂર છે.**

આપણે આ વિષયમાં જેમ જેમ ઊંડા ઉતરતા જઈશું તેમ તેમ આપણને વધુને વધુ ખાતરી થશે કે એક જ વસ્તુની કમી છે, અને સૌ પ્રથમ આપણે જે મેળવી જ લેવી જોઈએ, તે છે શક્તિ - શારીરિક બળ, માનસિક બળ, પરંતુ આ બન્નેથી વધુ તો આધ્યાત્મિક બળ, અને આ બળ જ બીજાં બધાં બળનો અખૂટ અને ચિરંજીવ સ્ત્રોત છે. જો આપણી પાસે શક્તિ હશે તો પછી બાકીનું બધું જ સરળતાથી સ્વાભાવિક રીતે તેમાં ઉમેરાતું જશે. શક્તિ વિના આપણે, સ્વપ્નમાં દેખાતા મનુષ્યો જેવા છીએ. તેમની પાસે હાથ હોય છે પરંતુ તેઓ કશું પકડી રાખી શકતા નથી કે હાથ વડે ઘા કરી શકતા નથી, તેમને પગ હોય છે પરંતુ તેઓ દોડી શકતા નથી.

**ભારત વૃદ્ધ અને ઈચ્છાશક્તિહીન થઈ ગયું છે, તેણે નવો જન્મ લેવો પડશે.**

જ્યારે જ્યારે આપણે કોઈ કાર્ય કરવા ઈચ્છીએ છીએ, ત્યારે આપણા ઉત્સાહનો પહેલો ઊભરો બેસી જાય, ત્યાર પછી એક પંગુ બનાવતી લાચારી આપણો કબજો લઈ લે છે. આપણે કેટલાક વૃદ્ધોની બાબતમાં જોઈએ છીએ કે તેમની ઉંમર અને તેમનો અનુભવ તો ખૂબ હોય છે, પરંતુ તેમનાં જ્ઞાનનો અતિરેક જ, તેમની કર્મમાં પ્રવૃત્ત થવાની શક્તિ તથા તેમની ઈચ્છાશક્તિને ઠીંગરાવી નાખે છે. જ્યારે કોઈ મહાન ઉદ્દેશની ભાવના કે મહાન જરૂરિયાતથી તેઓ અભિભૂત થઈ જાય છે અને તેના આદેશને આચરણમાં મૂકવાની જરૂર ઊભી થાય છે, ત્યારે જ તેઓ અચકાય છે, ચિન્તન કરે છે, ચર્ચાઓ કરે છે અપૂરતા પ્રયાસો કરે છે અને પછી તેમને પણ છોડી દે છે અથવા તો સૌથી સલામત અને સૌથી સહેલો માર્ગ મળી આવે તેની રાહ જુવે છે. પરંતુ એકદમ સીધો માર્ગ લઈ શકતા નથી. અને આમ કરતાં, જ્યારે કાર્ય કરવું શક્ય હતું અને જરૂરી હતું તે સમય તેમના હાથમાંથી સરી જાય છે. આ દેશની પ્રજા એક આવી જ વૃદ્ધ વ્યક્તિ બની ગઈ છે. તેની પાસે જ્ઞાનના ભંડારો તો છે, તેની પાસે લાગણી અને મહેચ્છા પણ છે, પરંતુ આળસુપણા અને ઘડપણની બીક તથા

ઘડપણની નબળાઈને લીધે બધું જાણે લકવાગ્રસ્ત થઈ ગયું છે. જો ભારતને બચાવવું હોય, તો તેને ફરીથી યુવાન બનાવવું પડશે. ઉછળતા અને ધસમસતા શક્તિના પ્રવાહો તેનામાં રેડી દેવા પડશે, પ્રાચીન સમયમાં હતો તેવો તેનો આત્મા, જોરદાર આગળ ધસતા, વિશાળ, બળવાન અને તે ઈચ્છે ત્યારે શાંત અને ઈચ્છે ત્યારે તોફાની તેવો કર્મનો અથવા શક્તિનો મહાસાગર બનવો જોઈએ.

**ભારત નવો જન્મ ધારણ કરી શકે છે.**

આપણામાંના કેટલાક તમસ કે જે જડતાનો કાળો અને ભારેખમ અસૂર છે તેનાથી પૂરેપૂરા હારી ગયેલા, હાલમાં, કહે છે કે તેમ બનવું અશક્ય છે; તેઓ માને છે કે ભારત અંદરથી સડીગયું છે. તેનામાં લોહી રહ્યું નથી, તે નિર્જીવ છે, અને ફરીથી તંદુરસ્ત થઈ ન શકે એટલું બધું નબળું પડી ગયું છે. આપણી પ્રજા વિનાશ તરફ ધકેલાઈ ગઈ છે. પરંતુ આ કથન અર્થહીન અને મુર્ખાઈ ભર્યું છે. કોઈપણ વ્યક્તિ કે રાષ્ટ્ર, પોતે ન ઈચ્છે તો, નબળું રહી શકતું નથી, કોઈ વ્યક્તિ કે રાષ્ટ્ર જો પોતે સ્વેચ્છાથી નાશ પામવા ન ઈચ્છે તો, તેનો નાશ થઈ શકતો નથી.

**રાષ્ટ્ર એ શું છે ? તેનાં લાખો સંતાનોની શક્તિ.**

છેવટે એ શું છે ? આપણી માતૃ-ભૂમિ શું છે ? તે કાંઈ જમીનનો એક ટૂકડો નથી, કે નથી એક વાણી વિલાસ, કે નથી તે મનની એક માત્ર કલ્પના. તે તો એક બળવાન શક્તિ છે, રાષ્ટ્ર જેનું બનેલું છે તે લાખો દેશવાસીઓની તે શક્તિ છે. ભવાની, મહિષ-મર્દિનિ, એ લાખો દેવોની એકઠી થએલી શક્તિઓ એક સ્વરૂપમાં એકત્રિત થઈ છે. તે દેવી છે. આપણે જે શક્તિને ભારત કહીએ છીએ, ભવાની ભારતી કહીએ છીએ તે તેના ત્રીસ કરોડ પ્રજાજનોની શક્તિઓથી બનેલી એક જીવતી જાગતી દેવી છે.

પરંતુ હાલ તે કાર્યશીલ નથી, તે તમસના કાલ્પનિક વર્તુળમાં પૂરાયેલી છે, પોતાની પ્રજાની તેમણે જ લાલન-પાલન કરી ઉછરેલી જડતા અને અજ્ઞાનમાં કેદ છે. આ 'તમસ'માંથી મુક્ત થવા આપણે તેની અંદર રહેલ બ્રહ્મને જગાડવાનું છે.

**પસંદગી આપણે પોતે કરવાની છે : આપણે દેશને ઊભો કરવો છે કે નાશ પામવું છે ?**

હજારો પવિત્ર પુરૂષો, સાધુઓ અને સન્યાસીઓએ મૌન રહી તેમનાં

જીવન દ્વારા આપણને શું શીખવ્યું છે ? ભગવાન રામકૃષ્ણ પરમહંસનાં વ્યક્તિત્વમાંથી ક્યો સંદેશ વહી આવ્યો છે ? સ્વામી વિવેકાનંદના સિંહ સમા હૃદયે દુનિયાને હચમચાવી, તે પ્રવચનોનો સાર શું હતો ? તે એક જ હતો કે આપણા દેશના ત્રીસ કરોડ લોકોમાંથી પ્રત્યેકમાં, પોતાની રાજગાદી પર બેઠેલા રાજવીથી માંડી, શ્રમ કરતા મજૂર સુધી, સંધ્યામાં નિમગ્ન પવિત્ર બ્રાહ્મણથી માંડી, લોકો જેનાથી દૂર ભાગતા તે સફાઈ કરનાર સુધી, પ્રત્યેકમાં પ્રભુ વસે છે. આપણે બધા જ દેવો અને સૃષ્ટાઓ છીએ કેમ કે પરમપ્રભુની શક્તિ આપણી અંદર વહેલી છે અને સમગ્ર જીવન એક સર્જન છે; નવાં સ્વરૂપો ઘડવાં એ જ માત્ર સર્જન નથી, પરંતુ તેમનું રક્ષણ કરવું એ પણ સર્જન કરવું છે, તેનો આધાર આપણા પોતાના પર છે, કેમ કે આપણે કાંઈ - જો આપણે પોતે ન ઈચ્છીએ, તો ભાગ્ય અને માયાને આધીન એવી કઠપૂતળીઓ નથી; આપણે તો સર્વશક્તિમાન બળના ભાગ અને આવિર્ભાવો છીએ.

**ભારતે નવો જન્મ લેવાનો જ છે, કેમ કે દુનિયાનું ભાવિ તેની માગણી કરી રહ્યું છે.**

ભારતનો નાશ થઈ શકે નહિ. આપણી પ્રજા લુપ્ત થઈ શકે નહિ, કેમ કે માનવજાતિના અનેક વંશોમાંથી, માત્ર ભારત માટે જ સર્વોચ્ચ અને અત્યંત ભવ્ય ભાવિ ખાસ મુકરર કરાયું છે, અને આવું ભાવિ માનવ જાતિના ભાવિ વિકાસ માટે અત્યંત આવશ્યક છે. ભારતે જ સમગ્ર જગતને પોતાનામાંથી ભવિષ્યનો ધર્મ આપવાનો છે, સનાતન ધર્મ આપવાનો છે. અને એ ધર્મ જ બધા ધર્મો, વિજ્ઞાન અને ફિલસૂફીઓને સુસંવાદી બનાવશે અને સમગ્ર માનવજાતિને એક જ આત્મસ્વરૂપ બનાવશે. તે જ રીતે સંસ્કૃતિની બાબતમાં પણ, ભારતનું એ કર્તવ્ય છે કે તેણે બર્બરતા એટલે કે મ્લેચ્છપણાના અનિષ્ટને માનવજાતિમાંથી નષ્ટ કરવું અને જગતને આર્ય બનાવવું. આ કાર્ય કરવા માટે પ્રથમ તો ભારતે પોતે જ ફરીથી આર્ય બનવું પડશે.

આ મહાન કાર્યનો પ્રારંભ કરવા, એક પ્રજાને અગાઉ કોઈ વખત ન સોંપાયું હોય તેવું, સૌથી મહાન અને અદ્ભૂત કાર્ય કરવા માટે ભગવાન શ્રી રામકૃષ્ણ અહીં જન્મ્યા અને સ્વામી વિવેકાનંદે તેમના ઉપદેશનો પ્રસાર કર્યો. આ કાર્ય જે રીતે એકવાર શરૂ થયું તે હવે જો પ્રગતિ ન કરે, તો તેનું કારણ એ જ કે આપણે ફરી એકવાર તમસના ભયંકર વાદળને આપણા આત્મા પર ચડી બેસવા દીધું છે. અને ભય, શંકા હિચકિચાટ અને આળસને પણ. આપણાંમાંના કેટલાકે

શ્રીરામકૃષ્ણમાંથી વહેતી થયેલી ભક્તિધારાને તો સ્વીકારી છે અને સ્વામી વિવેકાનંદ પાસેથી જ્ઞાન સ્વીકાર્યું છે ખરૂં, પરંતુ શક્તિની ઉણપને કારણે, તથા કર્મના અભાવમાં, આપણે આપણી ભક્તિને એક જીવતી જાગતી હકીકત બનાવી શક્યા નથી. વળી આપણે એ ભૂલવું જોઈએ નહિ કે શ્રીરામકૃષ્ણ કાલિને ભજતા હતા અને તેની સાથે તેમણે ઐક્ય પ્રાપ્ત કર્યું હતું. કાલિ એ જ શક્તિની માતા ભવાની છે.

પરંતુ વ્યક્તિઓના લથડવાની અને નિષ્ફળતાની વાટ જોઈને ભારતનું ભાવિ બેસી નહિ રહે. શ્રીમા માગી રહ્યાં છે કે તેમની ભક્તિ કરવા અને તેને વૈશ્વિક બનાવવા પ્રજા સજ્જ થશે.

**શક્તિ પ્રાપ્ત કરવા આપણે શક્તિમાતાની આરાધના કરવી જોઈએ.**

ગઈ કાલે, આજે અને ભવિષ્યમાં આપણી પ્રજાને વધુને વધુ શક્તિની જરૂર છે. પરંતુ આપણે શક્તિ મેળવવા ઈચ્છતા હોઈએ, તો પછી શક્તિ માતાની આરાધના કર્યા વિના તે કેવી રીતે પ્રાપ્ત થશે ? તે ભક્તિની માગણી કરે છે, તે કાંઈ તેના પોતા માટે નથી, પરંતુ એટલા માટે કે તેથી આપણને શક્તિનું વરદાન મળે.

(ભારતને પોતાને જભવાની મંદિર બનાવવાનું ધ્યેય દરેક ભારતીયના હૃદયમાં સશક્ત રીતે રમતું હોવું જોઈએ. ભવાની ભારતીને ફરી મુક્ત અને શક્તિ સંપન્ન કરવાનો આ જ સાચો અને સમર્થ માર્ગ છે. બીજો માર્ગ નથી.

હે ભારતમાતા પ્રચંડ શક્તિનો સ્ત્રોત બની રહો.

**નમુ તને મા ચંડિકા, પ્રચંડ શક્તિ - ધારિકા**

**હુંકાર કર મા કાલિકા, જગાડ ભારત - અસ્મિતા.** - તંત્રી

# ભારતને ઓળખો

(પ્રજાસત્તાક દિન નિમિત્તે પ્રાસંગિક)

**ભારતનો ભવ્ય ભૂતકાળ**

ભારતે જીવનનાં દરેક ક્ષેત્રમાં જીવનને સમૃદ્ધ કરવા પ્રયત્ન કરેલ છે. પછી તે અધ્યાત્મ હોય, ધર્મ હોય, વિજ્ઞાન હોય, સમાજ હોય, શિક્ષણ હોય, રાજ્ય વ્યવસ્થા હોય, અર્થકારણ, વ્યક્તિગત જીવન હોય, દરેક ક્ષેત્રનો ઊંડો અભ્યાસ કરીને તેણે જીવનના ચિરંતન મૂલ્યો તારવ્યાં છે.

ભૌતિક શાસ્ત્રમાં યુરોપને ગ્રીસ અને આરબરાષ્ટ્રોએ મદદ કરેલી પણ આરબરાષ્ટ્રોને આ જ્ઞાન ભારતમાંથી મળેલું. ગણિત, રસાયણ, ખગોળ શાસ્ત્રમાંની ભારતની દૃષ્ટિ ખરેખર આશ્ચર્યજનક પુરવાર થઈ છે.

શલ્યચિકિત્સાનો પાયો ભારતે નાખ્યો. સાહિત્યક્ષેત્રે વેદ, ઉપનિષદો, આરણ્યકો, બ્રાહ્મણો, સ્મૃતિઓ, પુરાણોનો ભવ્ય વારસો ભારતે આપેલ છે. રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો પણ આપેલ છે. સંગિત અને ચિત્રકલાનો, શિલ્પકલા અને સ્થાપત્યોનો વારસો પણ નગણ્ય નથી.

સંસ્કૃત ભાષાની પ્રગલ્ભતા ભાગ્યેજ કોઈ ભાષામાં હોય. તેની જીવનપ્રદ શક્તિ અને જુસ્સો ખૂટી ગયા પછી તે પાલી, અર્ધમાગધી અને તે બાદ હિન્દી, તથા અન્ય ભારતીય ભાષાઓમાં વહેતો રહ્યો હતો.

નૃત્ય, નાટ્ય કલાનો વારસો ધ્યાનમાં લેવા જેવો છે.

કહે છે ભારતમાં સંતો, ઋષિઓ, ચિંતકો, ધર્માચાર્યો કવિઓ અનેક થયા પણ જીવનમાં જોશ નહોતું. વ્યવહારુ ભૌતિક જીવન ચેતનાવિહીન અવકળાને પ્રાપ્ત થએલ હતું. પણ ખરેખર તેમ નથી. ભારતના સમ્રાટો શાસકો, વીરો પણ કાંઈ ઓછા થયા નથી. છતાં ભારતમાં પણ અવનતિનો કાળ આવેલો એ હકિકત છે.

**અવનતિનો પ્રારંભ**

દરેક સંસ્કૃતિ ત્રણ તબક્કામાંથી પસાર થાય છે.

(૧) સ્કૃતિની મૂળ પ્રેરણાનુસાર સર્વસાધારણ જીવન અને સમાજ રચના

(૨) તે પ્રેરણાના અંગોપાંગ ને ધ્યાનમાં લઈ જીવન અને સમાજે ધારણ

કરેલ સર્વાંગપૂર્ણ સંકુલ પણ મૂળ ઉદ્દેશને સુસંગત સંસ્થા સ્વરૂપ રચનાઓ, રિવાજો, પરંપરાઓ, નિષ્ઠાઓ, પૂર્વગ્રહો વગેરે

(૩) મૂળ ઉદ્દેશ ભૂલાઈ જવાથી અથવા વિકૃત થઈ જવાથી નિષ્પ્રાણ બનતો સમાજનો ઢાંચો અને પરંપરાઓ જે અંતે વિનાશ નોતરે છે અથવા અવનતિમાં જ સાવધ થઈને કાયાપલટ કરીને સમાજ રચના સ્વીકારે છે. જે તેનો પુનર્જન્મ બની જાય છે.

ભારતીય સંસ્કૃતિને સ્ફિનિક્સ અર્થાત હોમા પક્ષીની ઉપમા આપવામાં આવે છે. આ પક્ષી આકાશમાં જ જન્મે છે, ઉછરે છે, ઈંડા મૂકે છે અને ઈંડું પૃથ્વી ઉપર પછડાટ ખાય તે પહેલાજ ફૂટીને તેમાનું નાનકડું હોમા પક્ષી ફરી ઊર્ધ્વ આકાશે ઝંપલાવે છે. ભારતીય સંસ્કૃતિમાં વિનાશકાળમાંજ ફરી પુનર્જીવિત થવાની જગબની ક્ષમતા છે. તેને પોતાના સંરક્ષણ માટે કોઈ બાહ્ય વ્યવસ્થાની જરૂર પડતી નથી.

**અવનતિનાં કારણો**

જ્યારે સંસ્કૃતિએ સ્વીકારેલો આદર્શ ફક્ત વાંઝિયો માનસિક આદર્શ બની જાય છે. તેને જીવનમાં, આચરણમાં લાવવાની જરૂર જણાતી નથી. આ રીતે આદર્શ અને વાસ્તવિક જીવન વચ્ચે ઊંડી ખાઈ પડી ગઈ છે.

સંસ્કૃતિનું ઉર્જા કેન્દ્ર સુકાવા માંડે છે. તે આદર્શ શક્તિશાળી અને અસરકારક રહેતું નથી. જ્યાં સુધી આંતરિક ધ્યેય અને બાહ્ય જીવનમાં સમન્વય થતો હોય છે પણ અસરકારકતા નષ્ટ થતા જ આ સંબંધ વિચ્છેદ પામે છે.

ધ્યેય અને જીવનના સમન્વય કાળમાં રચાયેલાં જીવંત, અર્થપૂર્ણ, ભાવનાત્મક, પ્રેરણાદાયી વર્તન પ્રકારો, રિતરિવાજો, કર્મકાંડ તે પછી નિર્જીવ, દુર્બોધ, અર્થશૂન્ય, વેઠ, સ્વરૂપ લાગે છે. તે જડ રિવાજો બની જાય છે અને સંસ્કૃતિના રક્ષકો આ જડ રિવાજોને બચાવવાની પરોજણમાં જ પડ્યાં રહે છે. મૂળ આદર્શ અને તેની શક્તિ ભૂલાઈ જવાય છે. સંસ્કૃતિના મૃત/ઢાંચાના આ પૂજારીઓ બની જાય છે.

મૂળ તો સંસ્કૃતિના પેલા મધ્યવર્તિ આદર્શને ફરીવાર પ્રાણવાન કરીને ચેતવવાની જરૂર હોય છે અને તેને હિંમતભેર બદલાએલ પરિસ્થિતિનુસાર જીવનના દરેક ક્ષેત્રમાં ફરી સક્રિય કરવાનો હોય છે. તેમાં વ્યક્તિગત અને સામાજિક જીવન, આધ્યાત્મિક અને સાંસારિક જીવન, તત્વજ્ઞાન અને વિજ્ઞાન

કળા અને સાહિત્ય, રાજકીય અને આર્થિક, નૈતિક અને ધાર્મિક બધા જ ક્ષેત્રોમાં તે આદર્શને વ્યવહારુ જીવનમાં અનુસરવાનો હિંમતભેર પ્રયોગ કરવાનો હોય છે.

ભારતીય લોકો પ્રાચીન ભારતીય સંસ્કૃતિના આદર્શોને આ રીતે નવા સંદર્ભોને અનુરૂપ અમલી કરશે તો તેમને પશ્ચિમાત્ય સંસ્કૃતિમાંનું જે કાંઈ ઉત્તમ છે તે આપણી સંસ્કૃતિમાં પણ જોવા મળશે. પશ્ચિમાર્ત્યાનું અંધાનુકરણ કરવાની જરૂર નહિ રહે.

**પુનરૂથ્થાન**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને તે બાદ એક નૂતન ભારતની રચના થતી આપણે બધા અનુભવી રહ્યાં છીએ પણ આ રચનાને સાચા અર્થમાં એ જ સમજી શકશે જેને ભારતીય સંસ્કૃતિની સાચી સમજણ હોય અને ભારતીય જીવન-પ્રણાલિનાં મૂળભૂત તત્વોની સાચી ઓળખાણ હોય, કારણ ભારતનાં નવા ક્લેવર નીચે તે જ પ્રાચીન આદર્શો નવા રૂપો લઈને આકાર થવા પામી રહ્યાં છે.

પહેલાં ભારત સમાન સંસ્કૃતિ ધરાવતા વિવિધ રાજ્યોનો સમૂહ હતો. વિવિધ ધાર્મિક સંપ્રદાયો, વિવિધ ભાષા, વિવિધ જ્ઞાતિઓ ને વંશોને કારણે તે રાષ્ટ્ર તરીકે ન વિકસતા ખંડ તરીકે વધારે વિકસી રહ્યો હતો છતાં સાંસ્કૃતિક-એકતાનો આંતર પ્રવાહ ચાલતો જ રહ્યો હતો.

હવે ખંડમાંથી રાષ્ટ્ર થવાની પ્રક્રિયા શરૂ થઈ છે. આ પ્રક્રિયા યશસ્વી થશે જ કારણ ભારત બળશાળી બને તો જ તેનો બળશાળી વારસો તે જગતને આપી શકશે. તેથી પોતાના જુના ક્લેવરોનો નિષ્પ્રાણ ભાગ ખંખેરીને ભારત નવું કલેવર વિકસાવી રહ્યો છે. આ કલેવર કોઈ પાશ્ચિમાત્ય દેશની નકલ ન હોવી જોઈએ પણ તેના સાંસ્કૃતિક આદર્શને કારણે નિર્માણ થએલી રાષ્ટ્રશક્તિએ આ પોતાને અનુરૂપ નવું કલેવર ધારણ કરવું પડશે.

ભારતમાં થઈ રહેલ આર્થિક ક્રાંતિથી ભારત પાશ્ચિમાત્ય રાષ્ટ્રોના જેમ વર્ગસંઘર્ષ અને શોષણના દુષણોથી જર્જરીત બની જશે અથવા ભયંકર દારિદ્રય અને ભયંકર શ્રીમંતાઈનાં વિરોધી સમાજમાં વિભાજીત થશે અને ક્રુરતા, સ્વાર્થવૃત્તિથી ખદબદશે, એવો પણ ડર રાખવાની જરૂર નથી. જો આપણે આપણા સાચા જીવંત અધ્યાત્મિક વારસાને અનુસરશું તો આ આર્થિક-ક્રાંતિ રાષ્ટ્રને બળવાન બનાવશે. અને આત્મા અને જગતને સંવાદમય વિકાસમાં

ગોઠવી આપશે. આ રીતે ભારત જગતગુરૂ બનશે. ભારતનું આ બાબતનું જ્ઞાન, શક્તિ અને તપસ્યા જ તેને જગદગુરૂ થવા લાયક બનાવશે. અહિં જ્ઞાન એટલે ફક્ત વૈચારિક મિમાંશા નહિં પણ આધ્યાત્મિક સમજણ અને દૃષ્ટિને લીધે મળતું પ્રેરણાત્મક જ્ઞાન, શક્તિ એટલે ફક્ત બળ નહિ પણ દિવ્ય-સંકલ્પ શક્તિ, તપસ્યા એટલે ફક્ત શિસ્ત નથી પણ દિવ્ય-શક્તિઓની મદદથી રચાએલું દિવ્ય-જીવન સ્વરૂપ છે.

ભારતનું ઉત્થાન એ એશિયાના રાષ્ટ્રોના ઉત્થાનની શરૂઆત બનશે. પણ આ માટે રાજપુરૂષોની પાછળ યોગીની હાજરી જરૂરી રહેશે અથવા રાજપુરૂષ સ્વયં અંદરથી યોગી પણ હશે.

આવી રીતે ભારતનો માર્ગદર્શક નેતા અનેક દૈવી પાસાં ધરાવતી વ્યક્તિ હશે. તે ભારતમાટે ઉત્તમ ધાર્મિકગુરૂ, રાજકીય નેતા, કેળવણીકાર, સમાજસુધારક, સહકારી ઉદ્યોગપતિ હશે. તે કવિ, ચિંતક કલાકાર અને યોગી હશે. તે ભારતનું વ્યક્તિ સ્વરૂપ બની રહેશે.

**ભારતનું જીવન ધ્યેય**

ભારતનો સ્વભાવ તેની ખાસ ક્ષમતા અથવા શક્તિ,તેની આગવી જીવનદૃષ્ટિ અને કાર્યપદ્ધતિ, તેણે પૃથ્વીના વિકાસમાં આપવાનો ફાળો આ બધું જ તેના પ્રાચીન ઈતિહાસમાં અંકિત છે. અત્યારની તેની યાતનાઓ તેની સમસ્યાઓ એ તે કાર્ય કરવાની ભાવિ તૈયારી રૂપ જ છે.

તેથી ભૂતકાળના ભવ્ય વારસા પાછળ રહેલ આત્મ-શક્તિને ઓળખીને, તેને જીવનમાં ઉતારી અને સક્રિય કરીને તેને આજના નૂતન વિચારો, જીવનપદ્ધતિ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, સાધન-સામગ્રી, સમાજ રચના સાંસ્કૃતિક મૂલ્યોનુસાર ઢાળવી પડશે. આવા નવા પરિવર્તનો મૂળ શક્તિને શુદ્ધ સ્વરૂપમાં સાચા અર્થમાં પ્રકટ કરે ફક્ત એ જ આગ્રહ હોવો જોઈએ. પુરાતન બાહ્ય આકાર કે વર્તન પ્રકારને મહત્વ ન આપવું જોઈએ. તે વર્તન-પ્રકાર એ કાળના સામાજિક અને અન્ય પરિસ્થિતિને અનુરૂપ હતાં. તેથી તેવાં છે. આજના સમાજ માટે નવા વર્તન-પ્રકારો હશે પણ મૂળભૂત રીતે તે પુરાતન વર્તન-પ્રકારોની આત્મ-શક્તિને જ પ્રકટ કરતી હશે. એમ સમજી આ નવા વર્તન-પ્રકારો પ્રત્યે સહિષ્ણુતા અને ઉદારતા જાળવવી પડશે. ધીમે ધીમે દૂરસંચાર અને અત્યાધુનિક ઝડપી વાહન-વ્યવસ્થાને કારણે સમગ્ર પૃથ્વી ઉપરનો માનવ સમાજ એકરસ થતો જણાશે, તો તેને પણ સ્વીકારવો પડશે. તેથી ભવિષ્યના આવા વર્તન પ્રકારોમાં

દેશ વિદેશનાં ભેદ કદાચ નહિ રહે. તેટલી ભવ્ય ઉદારતા આપણે કેળવવી પડશે.

પ્રાચીન બારતના ભવ્ય વારસા પાછળ રહેલું કેન્દ્રીય સત્ય આ મુજબનું છે. એક શાશ્વત નિરાકાર, એક રસ, અખંડ આત્મ તત્વ જડ ભૌતિક તત્વમાં તિરોભૂત થએલ છે. તે જ દરેક વ્યક્તિ મારફત દર જન્મે આવિર્ભાવ પામી વિકાસ સાધે છે. માનસપ્રધાન માનવમાં તે સર્વ વૈચારિક અને માનસિક ક્ષમતાઓ વિકસાવે છે. જેમાં ધર્મ, તત્વજ્ઞાન, વિજ્ઞાન, કળા, સાહિત્ય, સમાજ-શાસ્ત્રો સહુનો સમાવેશ થાય છે. પણ આ વિકાસ અહિં જ ન થોભતા માનસ તત્વથી ઉપરના ક્ષેત્રમાં પણ સધાય છે અને ત્યાં રહેલી આધ્યાત્મિક-ચેતનાને જીવનમાં સક્રિય કરવામાં સફળ થાય છે. માનવજાત હવે આ તબક્કામાં પ્રવેશી રહી છે. આવી આધ્યાત્મિક-ચેતના બાહ્ય પ્રગતિ, સુખ સુવિધા, આધુનિકતા વગેરેને પણ અપનાવે છે અને તેમની દ્વારા દિવ્ય-જીવન અને આધ્યાત્મિકભાવને વધારે મજબુત રીતે ખીલવે છે. દરેક રાષ્ટ્ર આવી આધ્યાત્મિકતાના ખાસ પાસાને ખીલવવા જ રચાયું છે. ભારત બધા રાષ્ટ્રોમાં રહેલ આ નિયત-ક્ષમતાને પિછાણવામાં બધા રાષ્ટ્રોને મદદ કરશે. એ જ તેની જગતગુરૂ તરીકેની સાચી કામગિરી હશે.

ભારતને આ વિકટ કાર્ય કરવા માટે જન્મજાત લોકોત્તર ક્ષમતા આપી છે. બાહ્ય પરિસ્થિતિની બધી અગ્નિપરીક્ષાઓ અને યાતનાઓમાંથી માર્ગ કાઢતાં કાઢતાં દૃઢ સંકલ્પ બળે પ્રભુની શક્તિને નીચે આ ભૌતિક જગતમાં અવતરણ કરાવવાની ગૂઢ ક્ષમતા અને બળ ભારતમાં જ રહેલ છે. અને તેના પરિણામોને મુક્ત હસ્તે અન્ય રાષ્ટ્રોને આપવાની જન્મજાત ઉદારતા પણ રહેલ છે. તેથી જ ભારત બધી જ વિભિન્ન સંસ્કૃતિ અને ધર્મોનાં હુમલાઓને પચાવી શકે છે અને સાંસ્કૃતિક સમન્વય સાધી તે ધર્મ અને સંસ્કૃતિના લોકોમાં તેનો પ્રભાવ પાડી શકે છે. આવા કાર્ય ને જ ભારતમાં સનાતન ધર્મ તરીકે જાણ્યો છે.

ભારતની આ ખાસ ક્ષમતાએ હવે સક્રિય થવાનો સમય આવી ગયો છે. પણ જ્યાં સુધી તે પોતે એક મજબૂત, સમર્થ, સમૃદ્ધ, વિજયી રાષ્ટ્ર તરીકેની પોતાની છાપ નહિ વિસાવી શકે ત્યાં સુધી આ કાર્ય કરવું અઘરૂં જશે. ભારતની એકતા, અખંડિતતા અને સમૃદ્ધિ આ માટે જ જરૂરી છે અને ભારત તે પ્રાપ્ત કરી જ લેવાનો છે તેમાં જરાપણ શંકા નથી.

# ભગવતી આરાધના

અધ્યાય - ૪

('માં' - પેજ ૧-૯)

અભીપ્સા નીચેથી વધે, ઉપરથી કૃપા-વરસાદ,
બે પ્રવાહોનો સંગમ થયે, યોગ સાધના બને સાક્ષાત્.
અભીપ્સા શુદ્ધ ચિત્તે રહે, કરૂણા, સત્ય-પ્રકાશે,
અસત્યમાં ન કાર્ય કરે, ને આગ્રહ પ્રભુ ઈચ્છાનો ધરે.
પ્રકાશ જ્ઞાન સ્વરૂપ ગણ્યો, જ્ઞાન અને સત્યની સાથ,
દિવ્ય-શક્તિ અવતરણ કરે, એ વિજ્ઞાનમય શક્તિની વાત.
તે શક્તિ નીચે પણ રહી, અવચેતન અચેતનથી નિમ્ન,
પાર્થિવતા ખુલ્લી બને, તો ચડે તે શક્તિ ઊર્ધ્વ.
બન્નેનો સંગમ થયે, તો મુશ્કેલીનો અંત,
તે માટે સમર્પણ તણો, રાહ ગણ્યો વિજયવંત.
સાધક સ્વપ્રકૃતિને ધરે, પ્રભુ પ્રકાશની મ્હાંય,
સભાન ચેતન-પ્રવાહોથી બને, એ અભિમુખતાની સહાય.
ઊર્ધ્વથી આંતરપ્રેરણા સરે,તેની જ પસંદગીની વાત,
ન આવેગો મન, પ્રાણ તણા, કે પાર્થિવ તત્વની આસ.
તેને અવગણતા રહો, સત્ય-ધારણે સુસ્થિર,
સમર્પણની સાચ વિના, એ ન શક્ય લગીર.
સમર્પણ સર્વાંગી કરો. બધા તત્વો સામેલ,
એક બીજાના પુરક બને, ન રહે કિંચિત ગાફેલ.
બધા વચ્ચે એકસુરતા, ન ખેંચાખેંચ, ન વિરોધ,
પૂર્ણ સંવાદમય એકરૂપતા, તો સમર્પણનો ન નિરોધ.
સમર્પણ ઠેઠ શરીર સુધી, અકબંદ ને અક્ષત્,
ન પસંદગી, રસ ભિન્નતા, તો જ જશ શાશ્વત.
ઘૂસણખોરી અદિવ્યશક્તિ તણી, તો જ અટકાવી શકાય,
તે માટે ચિત્તમાં શોધી લો, ક્યાં અજ્ઞાન છવાય.

તે અભાનતાની છાયા તળે, જે વસ્તુ રહી છુપાઈ,
તેને શોધી શોધીને, ટાળો તેની ભવાઈ.
પરિત્યાગ તેનો કરો, વારંવાર અભ્યાસ,
ખંતથી મંડયા રહો, તો જ વિજય મળે ખાસ.
પ્રભુ દિવ્યતામાં રમે, ન રહે અદિવ્યતાનો સાથ,
તેથી પરિત્યાગની પૂર્ણતા, એ જ માર્ગ સાક્ષાત્.
ખોટા ખ્યાલે ન ભમો, કે પ્રભુ અમ-ઈચ્છા આધિન,
તે તો સ્વ સ્વભાવે રહે, ન અમ ઈચ્છાને, મલિન.
વળી ન સેવો એ ભ્રમ કદા, કે પ્રભુ કરશે મારું સર્વ,
એ તો પ્રમાદ તમસ્ તણો, વાંઝણો સાધનાનો ગર્વ.
સ્વૈચ્છિક સમર્પણ પ્રેમમય, પ્રભુ માગે આપણી પાસ,
તેથી રૂપાંતર સધાય ના, ત્યાં લગી સીધી વાટ.
સત્ય અસત્ય ને જ્યોતિ તમસ્, ન સાથ રહે કદા,
તેથી અદિવ્યનો ત્યાગ એ, એકજ માર્ગ ખુલ્લો સદા.
પ્રભુને પણ ત્યાગી શકો, એ સ્વતંત્રતા સહુને,
પણ શક્ય કદા ન બને, પ્રભુના અંશ તમે.
યાંત્રિક પરાણે ભાવહીન, ન સમર્પણ કહેવાય,
એ તો કર્મકાંડ ગણ્યું, ન મૂલ્ય તેનું જળવાય.
સમર્પણ ન અક્રિયતા, ન મૂઢ કે જડતા નો ભાવ,
જડ ભરત સમ બાહ્યાંગએ, ન મૂલ્ય કોઈ અંકાય.
જડતા તો શત્રુતા ગણી, પ્રભુ-કાર્યમાં અવરોધ,
અદિવ્યતાનું દ્વાર ગણ્યું. તેથી તેનો નિષેધ.
સમર્પણ સાનંદરૂપ, મદદરૂપ, એકાગ્ર,
સભાન, જ્ઞાન સંપન્ન એ દિવ્ય યોદ્ધાની એ ભાત.
સેવક વફાદાર એ, આજ્ઞાંકિત ને નમ્ર,
સમર્પણ એ સર્વાંગપૂર્ણ, સમજ સાધના-મર્મ.
આ વલણ સાચું ગણ્યું, સર્વ પરિસ્થિતિ મ્હાંય,
તે જ રૂપાંતર સાધશે, દિવ્યતા પ્રતિ લઈ જાય.

# બાળવિભાગ

# વરદાનોનું વરદાન

(શ્રી મનોજદાસના The Boon of Boons ઉપર આધારિત)

ધોધમાર વરસાદ વરસતો હતો. રાજા ગુપ્તવેશે રાત્રીચર્યા કરવા નીકળેલો, લોકોની સ્થિતિ તેને જાણવી હતી. રાજા નિર્ભય બની આવી રાત્રીચર્યા કરતો.

રાજાની પાછળ લુટારૂઓ પડયાં. તેમને તેનો ઉમદા ઘોડો ચોરવો હતો. તેમણે રાજાને ઘેરી લીધો. પણ રાજાના દુર્ભાગ્યે તેના ઘોડાની ખરી રસ્તાના એક ફાટમાં ફસાઈ ગઈ. રાજા મરણિયો થઈ પોતાનો બચાવ કરવા લાગ્યો. પણ ડાકુઓ વધારે હતાં.

અચાનક છ જુવાનિયા ત્યાં આવી ચડયાં. તેમણે ડાકુઓથી તે પ્રવાસીનો બચાવ કર્યો. થોડીવારે રાજાનાં સાદા વેશમાંના અંગરક્ષકો પણ આવી પહોંચ્યા. તેમણે ડાકુઓને પકડી લીધાં.

રાજાએ જુવાનિયાઓનો આભાર માન્યો. જુવાનિયા જાણતા નહોતા કે તે તેમનો રાજા છે.

સવારે રાજા ઉપરના હુમલાની વાત આખા રાજ્યમાં ફેલાઈ ગઈ. બધા તે જુવાનિયાઓની હિંમતને દાદ આપવા લાગ્યાં.

જુવાનિયાઓ એક લોજમાં ઉતરેલાં હતાં. જુદા જુદા ગામના હતાં. પણ ભાઈબંધ બની ગયાં હતાં. તેઓને દરબારનું તેડું આવ્યું. બધા ત્યાં પહોંચ્યાં. તેમને જોઈ રાજા સિંહાસનેથી નીચે ઉતરી આવ્યો. બધાને પ્રેમથી આલિંગન દીધાં. રાજા તેમને મનગમતી ભેટ આપવા ઈચ્છતો હતો.

સહુથી માટા જુવાને સરસ વૈભવશાળી ઘર માંગ્યું. રાજાએ તેના માટે મહેલ બાંધવાનું ફરમાન છોડયું.

બીજાને સરદાર બનવું હતું. તેને તત્કાળ સરદાર બનાવ્યો. ત્રીજા યુવાને ગામડેથી રાજધાની સુધીનો સારો રસ્તો બાંધી આપવા કહ્યું, કારણ તેમના ગ્રામવાસીઓને રસ્તો અગવડભર્યો લાગતો હતો. રાજાએ તેની પણ મંજૂરી આપી દીધી.

ચોથાએ રાજાને સુંદર પત્નિ શોધી આપવાની વિનંતી કરી. રાજાએ પોતાના હજુરિયાને તેની સુંદર દિકરી પેલા યુવાન સાથે પરણાવવાનું સૂચન કર્યું.

હજુરિયાએ તત્કાળ સંમતિ પણ આપી દીધી.

છઠ્ઠાએ રાજાને કહ્યું, ''રાજન્, આપ વરસમાં, આપણે બન્ને જીવીએ ત્યાં સુધી, એક વખત મારા મહેમાન બનવાનું માન્ય કરો.

બધાને તે પાગલ લાગ્યો. રાજાને પણ. રાજાએ મંત્રીઓને દર વરસે તેવું આયોજન કરવાનું સૂચવ્યું.

હવે લોકોને છઠ્ઠાની ચતુરાઈ ધ્યાનમાં આવી. રાજાને જવા માટે પેલા યુવાનના ગામ સુધી સારો રસ્તો બન્યો. રાજાને સુવા માટે અને સંરક્ષણ માટે મોટો મહેલ તે યુવાન માટે કરાવી અપાયો. તેની જાળવણી માટે વાર્ષિક મદદ રાજ ખજાનામાંથી આપવાનો નિર્ણય લેવાયો. રાજાની પ્રથા એ હતી કે તે સરદારને ત્યાં જ ઉતરતા. તેથી તેને સરદાર બનાવ્યો. રાજાની ટેવોથી તે યુવાન માહિતગાર કરવા રાજાએ પોતાની રાજકુમારી પેલા યુવાન સાથે પરણાવી દીધી.

બીજા પાંચે જે એક એક માગ્યું તે આ યુવાનને એક સામટું મળી ગયું. એક જ વરદાનમાં.

તેમ પ્રભુને માગશો તો તેની પાછળ બધું આવી જશે. આંતર અને બાહ્ય વૈભવ. એક એક ગુણ વિકસાવી અંતે પ્રભુને પ્રાપ્ત કરવા કરતાં આ સહેલો માર્ગ છે. મમ્મીએ વાર્તા પૂરી કરી. થોડીવારથી બોલ્યા,

''મારા ગુડ બૉય'' પ્રભુ પાસે તું શું માંગીશ ?''

''મમ્મી, હું પ્રભુ પાસેથી પ્રભુને જ માંગીશ. આ બધું મેળવવા માટે નહિં મમ્મી ! પણ મને પ્રભુ જ જોઈએ છે તે માટે. મારે પ્રભુનું બાળ થવું છે, મમ્મી.''

''પ્રોમીસ'' મમ્મીએ સંતોષથી કહ્યું.

''પ્રોમીસ મમ્મી.''

## માનવજીવનનો હેતુ

માનવજીવન હજુ અપૂર્ણ છે. માનવ પોતે અપૂર્ણ છે. માનવની પૂર્ણ પાર્થિવ ચેતનાને પૂર્ણયોગમાં લઈ જવા માટે પ્રભુના એ પરમ અવિનાશી અગ્નિ - એટલે કે તેને પ્રાપ્ત કરવા માટેની અભીપ્સા માટે જ માનવને અહીં પૃથ્વી પર મોકલવામાં આવેલો છે.

- શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી

# કવિ સુન્દરમ્ - ચોક : એક આધ્યાત્મિક અર્થ

(પ્રાસંગિક)

**- શ્રી હર્ષદભાઈ ઠકરાર**

સામાન્ય રીતે જે જગ્યાએ ચાર માર્ગનું મિલન થાય છે તેને આપણે ચોક કહીએ છીએ. આ મિલન સ્થાનમાં માનવની આંખ સપાટી ઉપરની ચાર દિશાઓ અનુભવી શકે છે. ગુપ્તપણે રહેલ ઊર્ધ્વ દિશા અનુભવવાતી નથી. ઊર્ધ્વ દિશા અનુભવવા માટે માનવે સાધના કરવી પડે છે, જે શ્રી સુન્દરમે તેમના જીવન દ્વારા સમજાવેલ છે.

શ્રી સુન્દરમ્‌ના અમદાવાદના નિવાસ સ્થાનની નજીકમાં આવેલ સ્વસ્તિક ચાર રસ્તાનું નામકરણ કવિ સુન્દરમ્ ચોક કરવામાં આવેલ છે. જે પાર્થિવ ચેતનામાં જીવન વ્યતીત કરતી વ્યક્તિ માટે ફક્ત ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ એમ ચારે દિશામાંથી આવતા માર્ગોનું સપાટી ઉપરનું મિલન સ્થાન છે. દિવ્ય ચેતના માટે સાધના કરવા પ્રયત્નશીલ અભિપ્સુને પાંચમી ઊર્ધ્વ દિશાની અનુભૂતી થાય છે. શ્રી સુન્દરમે પાર્થિવ ચેતનામાંથી ઊર્ધ્વ ચેતનામાં જીવન પ્રવેશ કરવા માટે શ્રી અરવિંદનો યોગ સ્વીકાર્યો.

શ્રી સુન્દરમ્ તેમના સમગ્ર જીવન દરમિયાન ઊર્ધ્વ પ્રતિ ગતિ કરવા હંમેશા પ્રયત્નશીલ હતા. તે આપણને સુ.શ્રી સુધાબેને ઉદેશ માસિકના માર્ચ ૨૦૦૮ના અંકમાં લખેલ લેખ ''મારા પપ્પાજી : છ માંથી ચાર'' દ્વારા જાણવા મળે છે.

સદરહુ લેખમાં સુ.શ્રી સુધાબેન હિન્દ દૈનિક પૂર્તિમાં એક કોયડો આવે છે, તેનો ઉકેલ શ્રી સુન્દરમ્ આપે છે, તેની વાત કરે છે. આ એ હતો કે છ દિવાસળીમાંથી ચાર સરખા ત્રિકોણ બનાવવા. સુ.શ્રી સુધાબેન તથા તેમના મિત્રો ઉકેલવા પ્રયત્ન કરે છે. પરંતુ ઉકેલી શકતા નથી. આમ તેમણે શ્રી સુન્દરમ્‌ને કોયડાના ઉકેલ માટે પૂછયું.

શ્રી સુન્દરમે્ છ દિવાસળીનો પિરામીડ બનાવીને ઉકેલ આપ્યો. પિરામીડમાં એક પાયાનો અને ત્રણ બાજુઓના ત્રિકોણ ઊર્ધ્વ તરફ એક બિન્દુમાં મિલન પામે છે. પિરામીડની ટોચ હંમેશા ઊર્ધ્વ દિશા તરફ હોય છે. આ અનુસંધાને શ્રી સુન્દરમ્ જણાવે છે કે કોઈ પણ મુશ્કેલી આવે, કોઈ ઉકેલ ન સુઝે ત્યારે આપણે ઉપર પહોંચી જવું.

આ ઉપર જવું એટલે કે ઊર્ધ્વ દિશા તરફની ગતિ, જે ચાર માર્ગના મિલન સ્થળે ગુપ્ત પણે રહેલી છે તેની અનુભૂતિ કરાવે છે.

શ્રી સુન્દરમ્ ગુજરાતના મુર્ધન્ય કવિ પૈકીનાં એક છે. સામાન્ય સમજ પ્રમાણે જે કાવ્યની રચના કરે તેને કવિ કહીએ છીએ. પરંતુ ગીતામાં કવિનો અર્થ સર્વજ્ઞ કરવામાં આવેલ છે.

કવિં પુરાણ મનુશાસિતાર મણોરણીયાંસમનુષ્યરેદ્યઃ। (ગીતા અ. ૮ શ્લોક ૯)

ગીતા મુજબ કવિ એટલે પરમ પ્રભુના સૂક્ષ્મથી સૂક્ષ્મ તથા સર્વોચ્ચ સચ્ચિદાનંદ સ્વરૂપ વિશે જ્ઞાન ધરાવે છે તથા તેનું સ્મરણ કરે છે તે.

આપણે સૌ શ્રી સુન્દરમે્ રચેલા જુદા જુદા શિબિર ગાનો દ્વારા પરમ પ્રભુના સૂક્ષ્મથી સૂક્ષ્મ અને સર્વોચ્ચ સ્વરૂપનો અનુભવ કરીએ છીએ.

શ્રી સુન્દરમે્ ''હૃદયે હૃદયે શ્રી અરવિંદ'' ''તું હૃદયે વસનારી'' થી શિબિર ગાનની કડી છેલ્લે ''ઊર્ધ્વ લો' સુધીના અનેક શિબિર ગાનો દ્વારા આપણને ઊર્ધ્વલોકની યાત્રા કરાવી છે.

પ્રત્યેક શિબિરગાન શ્રી સુન્દરમે્ બાળ સહજ ભાવે આપ્યા છે. જેથી તેમાં કોઈ તર્ક અનુભવાતો નથી. પરંતુ બાળકની શ્રદ્ધા અને સમર્પણ અનુભવાય છે.

''ઊર્ધ્વ લો'' માં સુન્દરમ્ માનવ દેહને મટકી સાથે સરખાવે છે અને કહે છે આપણે દેહમાં અટકી જવાનું નથી. પરંતુ જે રીતે પાણીની મટકી ભરાઈ જાય તે રીતે ચેતનાના રસ-સાગર દ્વારા દેહને ભરવાનો છે. જે રીતે સાગરમાં રહેલ મટકીની અંદર સાગરનું પાણી રહે છે અને બહાર પણ સાગરનું પાણી રહે છે, તે રીતે માનવે ચેતના રસ સાગરમાં ડૂબી જઈ પોતાની અંદર તથા બાહ્ય જગતમાં પરમ ચેતનાના સાગરને અનુભવવાનો છે.

''તું હૃદયે વસનારી'' દ્વારા શ્રી સુન્દરમ્ શ્રી માતાજીના વાક્ય ''જે દિવ્યતાને પસંદ કરે છે તેને દિવ્યતા પસંદ કરે છે.''ની અનુભૂતિ કરાવે છે.

કાવ્યની શરૂઆત ''તું હૃદયે વસનારી થી કરી' અંતિમ અવસ્થા ''તવ હૃદયે અમ વાસ સદા હો હે હરિની રસધારા'' સુધી લઈ જાય છે. આમ સુન્દરમ્ જણાવે છે કે પહેલા માનવે પોતાના હૃદયમાં દિવ્યતા સ્થાપિત કરવાની છે. તે જ દિવ્યતા માનવને ઊર્ધ્વમાં લઈ જઈ પોતાના હૃદયમાં સ્થાન આપે છે. એટલે પોતે જે દિવ્ય સ્વરૂપ છે તે સ્વરૂપમાં માનવનું રૂપાંતર કરી આપે છે.

(અનુસંધાન પાના નં.૨૯ ઉપર)

# સહજ-સત્સંગ

(૭.૪.૧૯૨૯)

માતાજી, યોગ વિષે કાંઈ કહેશો?

''બેટા, યોગનો હેતુ પ્રથમ જાણી લો. દુર્લભ શક્તિ મેળવવા કે શાંતિ મેળવવા કે માનવજાતિની સેવા કરવાનો હેતુ જો તમારો હશે તો હજી તમે યોગ માટે તૈયાર થયા નથી એમ જ સમજો. હજી અશુદ્ધિ બાકી જ છે. પ્રભુ કોઈ વસ્તુનું સાધન ન બની શકે. તે તો જીવનનું અંતિમ ધ્યેય જ રહે છે. બાકી બધું તેને મેળવવાના સાધન બની શકે છે.

''પ્રભુને ખાતર જ યોગ હોય છે. જ્યારે પ્રભુ માટે જ યોગ કરો છો, ત્યારે ત્રણ વસ્તુ બને છે.

(૧) પ્રભુને મેળવવાની તીવ્ર અભીપ્સા અર્થાત ધગશ

(૨) તે અભીપ્સાને સતત જાગૃત જીવંત અને જવલંત રાખવા માટે જરૂરી એકાગ્રતા અને પ્રયત્ન. જેને આપણે તપ કહી શકીએ

(૩) પ્રભુની આંતરિક પ્રેરણાઓ મુજબ જીવન જીવવાનું આત્મ સમર્પણ.

માતાજી, તપની શરૂઆત કેમ કરવી?

બેટા, શાંત અને સ્વસ્થ થઈ બેસી જાઓ. હૃદયમાં એકાગ્ર બનો. મનમાં ઉઠતા ભાવોને શાંતિથી જોતા રહો. તેમાં રસ ન લો. ધીમે ધીમે તે શમી જશે. તમારી ચેતનાના વેરવિખેર તંતુઓ ભેગા થઈ તમારી એકાગ્રતામાં જોડાશે. શ્વાસ ઉપર ધ્યાન રાખવાથી આમાં મદદ મળશે.''

''થોડી વારથી તમને મનની નિરવતા અને શાંતિ અનુભવાશે. પણ બેટા, આ બધી ઘટનાઓ બેચાર અઠવાડિયામાં નહિં બને. ધીમે ધીમે અંતરાયો હટતાં પોતાની મેળે ખીલશે. ધીરજ રાખજો.'

''પછી તે નિરવતામાં પ્રકાશ ફેલાશે. તે સભાનતાનો પ્રકાશ હશે. તે અંતરાત્માનો પ્રકાશ હશે. ત્યાં ઊંડાણમાં પ્રભુનો પ્રકાશ બીરાજે છે. તેને જ ચૈત્યપુરૂષ કહેવાય છે. તેને જ વેદો 'અગ્નિ' કહે છે. તે તમારું શુદ્ધ અસ્તિત્વ છે. તમારી સાચી અસ્મિતા છે. તે જ પ્રભુનો અંશ છે.''

''પછી તેમાંથી આવતી પ્રેરણાને શાંતિથી સાંભળો. તેનો હૃદયમાં પડઘાતો અર્થ સમજો. તેને જ અનુસરો. જીવનને તેને અનુરૂપ ઢાળો.

''ચેતનાને એકાગ્ર કરવાનું સ્થાન ફક્ત હૃદય જ નથી. હૃદયમાં ચૈત્યપુરૂષ

પ્રગટ થાય છે. તેથી તે એક કેન્દ્ર છે. તેને જ ગીતા ક્ષરપુરૂષ કહે છે.

ભ્રુમધ્યમાં બીજુ કેન્દ્ર છે. ત્યાં અસીમ, અચળ, પ્રકાશમય, સાક્ષીભાવ સ્વરૂપ ચેતના પ્રગટ થાય છે. તેને ગીતા અક્ષર પુરૂષ કહે છે. ત્રીજું કેન્દ્ર મસ્તકની ઉપર દસ આંગળ ઊર્ધ્વમાં છે. ત્યાં ક્ષર અક્ષર પુરૂષોને બે સંવાદમય પાસા તરીકે ધારણ કરતી ચેતના પ્રગટ થાય છે. તેમાં પાર્શ્વભૂમિમાં અસીમ પ્રકાશમય ચેતના રહે છે. આગળ અગ્રહરોળમાં તેમાંથી ઊઠતી આંતરપ્રેરણાને અનુસરી કાર્ય કરતો ચૈત્યપુરૂષ રહે છે. આ સમગ્ર દ્વિદલ ચેતનાને જ ગીતા પુરૂષોત્તમ પુરૂષ કહે છે. આ બન્ને પાસાને સાથે ધારણ કરી જીવન જીવવું એને જ ગીતા કર્મયોગ અથવા યોગનિષ્ઠા કહે છે. શ્રી અરવિંદ તેને જ પૂર્ણયોગ કહે છે.

આ ત્રણ કેન્દ્ર એ આપણા કારણ શરીરમાંના ત્રણ સૂર્ય-કેન્દ્રો છે (Solar Plexis) તે જ દિવ્ય-શક્તિઓના આપણા સ્વીકાર-કેન્દ્રો છે.

આ ત્રણે કેન્દ્રોને કારણે જીવનનો ઘાટ જુદી જુદી રીતે ઘડાય છે. કારણ ત્રણેની ચેતના (પુરૂષ) જુદી જુદી ખાસિયતો ધરાવે છે.

પણ હૃદયનું કેન્દ્ર મહત્વનું છે. કારણ તે જ જીવનને રૂપાંતરિત કરતું હોય છે અને સાક્ષાત્કાર અનુભવતું હોય છે.

માતાજી, યોગના અધિકારી થવા હજી વધારે શું કરવાનું રહે છે?

બેટા, હૃદયના, ચિત્તનાં શુદ્ધિકરણ માટે આપણી મલિન પ્રકૃતિ કેવી રીતે આપણું સંચાલન કરે છે તેનું સંપૂર્ણજ્ઞાન મેળવવું જરૂરી છે. આપણા દરેક કાર્યનો સાચો ગુપ્ત હેતુ જાણી લો. તે હેતુને દિવ્ય બનાવવાનો પ્રયત્ન કરો. સ્વાર્થી, વાસનામય હેતુઓને જાકારો આપો. જુની પ્રકૃતિની ટેવોને ભાંગી નાખતા શિખો. તેને નવું વલણ આપતા શિખો. તે માટે સતત જાગૃત રહેવું જરૂરી છે. સદા દિવ્ય પ્રકાશમય માર્ગને જ અનુસરો.

માતાજી, શું માનવજાતિના ભલા માટે કાંઈ ન કરવું જોઈએ?

બેટા, યોગ પ્રભુ માટે જ છે. તેમ કરતાં જ અપ્રત્યક્ષ રીતે માનવજાતિને ફાયદો મળે જ છે. પ્રથમ તે એ માનવોને મળશે જેમણે યોગનો સાદ સાંભળ્યો છે. આજે તો માનવજાતિ જ અજ્ઞાનને કારણે પ્રભુને નકારી રહી છે. તેણે ઘણું બદલાવાની જરૂર છે.

માતાજી, આપણે અહિં ભેગા થયા છીએ તેનો કોઈ હેતૂ છે?

આપણે પૂર્વજન્મોમાં મળેલા. આપણે પ્રભુકાર્ય માટે જ જન્મ્યા છીએ. આપણે દિવ્ય કુટુંબના સભ્ય છીએ. પ્રભુને વિજય અપાવવો એ આપણું જીવન-કર્તવ્ય છે.

# પત્રોત્તર
## પુનર્જન્મ
(યોગ વિષે પત્રો ભા-૧, પેજ-૪૯૦-૪૯૬)

ચૈત્યપુરૂષ પોતાના આગામી વિકાસમાટે માતાપિતાનો નિર્ણય લે છે. સાધારણ રીતે પછી જ તેની ગર્ભમાં પ્રવેશવાની પ્રક્રિયા શરૂ થાય છે. આ નિર્ણયકાળ જો ગર્ભાધાન પહેલાનો હોય તો ચૈત્યપુરૂષ પોતાને વધારેને વધારે અનુરૂપ પ્રકૃતિ મળે તે માટે પ્રયત્ન શરૂ કરે છે. આ પહેલાં તેણે ભાવિ વિકાસ માટે જરૂરી મનોમય-કોષ અને પ્રાણમય-કોષની રચના વિશ્વપ્રકૃતિમાં ફરતાં મનસ્તત્વનાં અને પ્રાણતત્વના અણુઓમાંથી કરી લીધેલાં જ હોય છે. જો તેણે સૂક્ષ્મપાર્થિવ શરીર પણ રચી લીધું હોય તો તે ગર્ભાધાન વખતે જ ગર્ભમાં પ્રવેશ કરીને ગર્ભના સંસ્કારોને પોતાને અનુકૂળ રીતે પલોટવાનો પ્રયત્ન શરૂ કરી દે છે. જો તેણે હજી સૂક્ષ્મ પાર્થિવ શરીર ન રચ્યું હોય તો તેના સિવાય ગર્ભાધાનમાં પ્રવેશ શક્ય ન હોવાથી તે ગર્ભધારણા વખતે નહિ પણ ગર્ભની વૃદ્ધિકાળમાં ક્યારેક સૂક્ષ્મ શરીર રચીને પછી પ્રવેશ કરે છે. આ કાળ ગર્ભાધાનના પહેલા મહિનાથી માંડી નવમા મહિના સુધી ક્યારે પણ હોઈ શકે છે.

ઘણી વખત તો બાળક જન્મી જાય છે પણ હજી ચૈત્યપુરૂષે પ્રવેશ કરેલો હોતો નથી. પણ સૂક્ષ્મ જગતમાં ગર્ભનાં બાળ રક્ષકો હોય છે. તેઓ તેમની વધારેમાં વધારે કાળજી રાખતા હોય છે.

સૂક્ષ્મ જગતના ઘણા સત્વો આવું પરોપકારી કાર્ય કરતાં હોય છે અને તેઓ પોતાનું કાર્ય ચેતનાના વિવિધ કક્ષાએ કરતાં હોય છે. ઘણી વખત તેઓ પોતાનો એકાદો અંશ પણ તેમની સાથે જોડી રાખી પોતાનું કાર્ય કરતા દેખાય છે. ઘણી વખત એકજ વ્યક્તિનાં આવા વિવિધ કક્ષાનાં અનેક રક્ષકો જોવા મળે છે. ગૂઢ જગતની આ વાસ્તવિકતાઓ હોય છે.

આવી રીતે પૂનર્જન્મ ભાવિ-વિકાસ માટે હોય છે. તે પાપ-પુણ્યનો હિસાબ પુરો કરવા હોતાં નથી. લોકોની કર્મ-સિદ્ધાંત સમજવા બાબત બે મોટી ભૂલો થાય છે.

(૧) તેઓ કર્મ-સિદ્ધાંતને નૈતિક મૂલ્યોનો રંગ આપી દે છે, ખરેખર ઊત્ક્રાંતિની પ્રક્રિયા આ નૈતિક ઘટના નથી. તે નૈસર્ગિક ઘટના છે.

(૨) લોકોએ કર્મ-સિદ્ધાંતમાં કર્મના ફળ બાબત ગાણિતિક ધોરણે સપ્રમાણતા દાખવવાની કલ્પના કરેલી હોય છે. ખરેખર ઊત્ક્રાંતિમાં આવી ગાણિતિક પરિમાણો કર્મના સિદ્ધાંતમાં નથી.

સારાંશ લોકોએ કર્મના પ્રાયશ્ચિત તરીકે સપ્રમાણ કર્મકાંડ અને વિધિવિધાનનું પણ ધાર્મિક આયોજન કરીને તેને તદ્દન યાંત્રિક બનાવી દીધો છે. પ્રાયશ્ચિત તરીકે કરેલા કર્મકાંડનો કોઈ હેતુ સરતો હશે તેની શંકા છે. ચેતનાના વિકાસમાં કર્મકાંડની સાચુ યોગિક જ્ઞાન સાથેની વિધિ કદાચ તે વિકાસને ગતિ આપવાની મન, પ્રાણ શરીરની સંયુક્ત શિસ્ત તરીકે અને પદ્ધતિ તરીકે અપ્રત્યક્ષરૂપે મદદરૂપ થવાની શક્યતા છે. બાકી યોગિકજ્ઞાન વગરનું કર્મકાંડ એક માનસિક સંતોષ અને સમાધાન સિવાય કાંઈ આપી શકતું નથી. આના કરતાં ગૂઢ-વિદ્યાનું જ્ઞાન  વધારે સહાયભૂત બને છે અને તે યોગીની યોગ-પ્રદ્ધતિનો એક ભાગ બની શકે છે.

ચેતના એક દિવ્ય-વાસ્તવિકતા છે અને તેના આવિર્ભાવની ઘટના, વિકાસની ઘટના એ ખૂબજ નમનીય પ્રક્રિયા હોય છે. એ જ આપણે સદા ધ્યાન રાખવાની જરૂર છે.

જીવન-મુક્ત ઊત્ક્રાંતિની પ્રક્રિયામાંથી બહાર નીકળી ગએલો હોય છે અને તે પોતાની ઈચ્છા અને શ્રદ્ધાનુસાર દિવ્ય-જગતો પૈકી કોઈ પણ લોકમાં જઈ વાસ કરે છે. ત્યાં ઊત્ક્રાંતિ હોતી નથી. ધાર્મિક ગ્રંથોમાંના ગોલોક, વૈકુંઠ, શિવ-લોક વગેરે આ વાસ્તવિકતા ઊપર આધારિત છે.

જે સત્વો  ઊત્ક્રાંતિની પ્રક્રિયામાં પ્રવેશેલાં હોતા નથી, તેમને તેમના લોકથી ઊર્ધ્વ-ચેતનાનો વિકાસ કરવાની ઈચ્છા થાય તો તેઓને ઊત્ક્રાંતિની પ્રક્રિયામાં પ્રવેશવું જરૂરી બને છે. તેથી ધાર્મિક ગ્રંથોમાં માન્યતા છે કે દેવોને પણ મુક્તિ માટે પૃથ્વી ઉપર જન્મ લેવો પડે છે.

મૂળભૂતરીતે ઊત્ક્રાંતિની પ્રક્રિયામાંનો આત્મા પણ હાલમાં જીવનમુક્ત થઈ કોઈ લોકમાં સ્થાયી થયો હોય તેને રામકૃષ્ણ પરમહંસ ઈશ્વર-કોટીનાં જીવ કહેતાં તેઓ ઈચ્છે તો ફરી વધારે ચેતનાના વિકાસ માટે ઊત્ક્રાંતિમાં પ્રવેશી શકે છે.

જે જીવે મુક્તિ પ્રાપ્ત કરી હોય પણ કોઈ લોકના એકાંતમાં પોતાની સાધના ચાલુ રાખવા કરતાં આ ઊત્ક્રાંતિમાં મદદરૂપ થવાની ભાવના હોય તો તેવી વ્યક્તિના ચૈત્યપુરૂષ ચૈત્યલોકમાં આરામની અને સ્વમગ્ન અવસ્થામાં ન પ્રવેશતા પોતાના જુના સૂક્ષ્મ-દેહને ટકાવી સાધકોને સૂક્ષ્મ જગતમાંથી માર્ગદર્શન આપી

જીવન-મુક્તિ પ્રાપ્ત કરવા મદદરૂપ થતાં હોય છે.

એક ચૈત્યપુરૂષનો એક જ દેહ હોય છે. એક જ શરીરમાં અનેક ચૈત્યપુરૂષો હોતા નથી. એક કેન્દ્રીય-ચૈત્યપુરૂષ જ હોય છે. ચૈતસિક તત્વો માત્ર વ્યક્તિમાં વિવિધ પ્રકારનાં કે કક્ષાનાં હોઈ શકે છે. ચૈતસિક તત્વે કોઈ વ્યક્તિતા હજી ધારણ કરેલી હોતી નથી.તે ભાવિ-ચૈત્યપુરૂષની બીજ અવસ્થા સમાન હોય છે. ચૈત્યપુરૂષ પોતાનો પ્રાદુર્ભાવ રચી શકે છે. અધિમનસ દેવો પણ પોતે અવતરણ પામી જન્મ લેવા કરતાં પોતાનાં પ્રાદુર્ભાવો પૃથ્વી ઉપર મોકલતાં હોય છે આવા પ્રાદુર્ભાવોને ‘વિભૂતિ’ કહેવાય છે.

પ્રાચીન યોગ-શાસ્ત્રમાં યોગી ‘દેહચક્ર’ રચે છે, એવા ઉલ્લેખો આવે છે અર્થાત એક જ ચૈત્યપુરૂષ પોતાના વિવિધ પ્રાદુર્ભાવો રચી કર્મભોગ અને કર્મક્ષયની ગતિને વધારી મૂકે છે.

ગીતામાં નિર્વાણની સ્થિતિ (બ્રહ્મનિર્વાણમ્) વર્ણવી છે પણ તેના કરતાં પ્રભુની ચેતનામાં જીવન ધારણ કરીને (નિવશિષ્યસિ મય્યેવ) ઉત્ક્રાંતિને મદદરૂપ થવાની કર્મનિષ્ઠાને પ્રાધાન્ય આપ્યું છે. નિર્વાણને તે સાંખ્યનિષ્ઠા અને કર્મયોગને ‘યોગનિષ્ઠા’ કહે છે.

ચૈત્યપુરૂષની ગતિ બાબત ગીતામાં દેવયાન (ઉત્તરાયણ) અને પિતૃઓનો પિતૃયાનપંથ (દક્ષિણાયન) નો ઉલ્લેખ જોવા મળે છે. પિતૃયાન પંથના જીવો સંસારચક્રમાં ગળાડૂબ હોય છે. દેવયાન-પંથના યોગીઓ દિવ્યજ્ઞાન પ્રાપ્તિ માટે પોતાની ચેતનાનો વિકાસ કરતા શીખે છે.

વેદોમાં એવા પણ દિવ્ય-પિતૃઓનાં વર્ણનો છે જેમણે ઊત્ક્રાંતિમાંથી જ જીવનમુક્તિ મેળવી કોઈ દિવ્ય-લોકમાં સ્થાયી થયાં હોય. તેઓ ચૈત્યપુરૂષોને મદદરૂપ થઈ શકે છે એવા પણ ઉલ્લેખો જોવા મળે છે. તેમને માટેની તર્પણ-વિધિ પણ યોજાતી હોય છે.

મૃત્યુવખતે વ્યક્તિ બાહ્ય ચેતનામાં જીવે છે કે આંતર-ચેતનામાં, તે ખૂબજ મહત્વનું હોય છે. બાહ્ય ચેતના આંતર-ચેતનાનું સ્વરૂપ રચતી નથી પણ આંતર-ચેતના જ બાહ્ય-ચેતનાને ઘડતી હોય છે. બાહ્ય-ચેતનાની ઈચ્છા ચૈત્યપુરૂષની ભાવિગતિ ઊપર બહુ પરિણામ કરતી નથી. સ્વર્ગે જવાની ઈચ્છા સાથે ઘણાં મરતા હોય છે પણ તેવી શક્યતા નથી. પણ આંતર-ચેતનાનો નિર્ણય અને ઈચ્છા ભાવિ-જન્મને અસરકર્તા નિવડે છે એ નિશ્ચિત. તે નિર્ણયની આજુબાજુ જ ચૈત્યપુરૂષ ચૈત્યલોકમાંની આરામદાયક સ્થિતિ દરમિયાન નવી રચના કરતો હોય છે.

જો ચૈત્યપુરૂષ વિકાસ ન પામ્યો હોય તો ઉર્ધ્વ-લોકના સત્વો તેનું હિત ધ્યાનમાં લઈ તેને ભાવિ-જન્મની રૂપરેખા માટે માર્ગદર્શન આપી પ્રેરતા હોય છે. પુનર્જન્મ તત્કાલિક થવો કે મોડેથી થવો એ ચૈત્યપુરૂષની વિકાસ માટેની ઈચ્છાની તીવ્રતા ઉપર આધાર રાખે છે. જો સુયોગ્ય ગર્ભ મળી જાય તો વચ્ચેની પ્રક્રિયા ઝડપથી પૂરી કરવામાં આવે છે, પણ તેવે વખતે ઘણી વખત પ્રાણમય અને મનોમય કોષનું અધકચરું વિઘટન પૂર્વજન્મની સ્મૃતિઓને નવા જન્મમાં જાગૃત કરી આપે છે. પણ આ સ્મૃતિ લાંબોકાળ ટકતી નથી. વિઘટનની પ્રક્રિયા પૂર્ણ થતા આ ગતજન્મનો પ્રક્ષેપ નષ્ટ થાય છે.

પૂર્વજન્મની અમુક રચનાઓ નવા વિકાસની દિશામાં મદદરૂપ થાય છે અથવા મુશ્કેલી સર્જી શકે છે. પણ તેમાંની કોઈ અજેય હોતી નથી. આત્મ-શક્તિ સામે બધી મુશ્કેલીઓ વામણી પુરવાર થાય છે. ગીતામાંનો ઉલ્લેખ (ક્ષપામ્યહમશુભાન્ આસુરીષ્વેવ યોનિષુ ગીતા ૧૬/૧૯) આ અજેય મુશ્કેલીઓ માટે નથી. પણ વ્યક્તિની નિમ્નવૃત્તિઓના જોરને કારણે તે વ્યક્તિ યોગ તરફ ન વળતાં સામાન્ય-જીવનમાં જ વારંવાર અટવાઈ જાય છે તેનો નિર્દેશ છે. આ નૈસર્ગિક ઉત્ક્રાંતિની પદ્ધતિ છે. પાયો પાકો થયા વગર ઉત્ક્રાંતિમાં ઊર્ધ્વારોહણ શક્ય જ નથી. (અપૂર્ણ)

(પાના નં.૨૩નું આગળ)

‘‘હૃદયે હૃદયે શ્રી અરવિંદ’’ શિબિર ગાન દ્વારા શ્રી સુન્દરમ્ આપણને સાવિત્રીની પંકિત, પ્રકાશમાંથી આપણે આવ્યાં અને પ્રકાશમાં લય પામશુંની અનુભૂતિ કરાવે છે. શ્રી અરવિંદનો પ્રકાશ માનવ ચેતનાને જુદા જુદા રૂપાંતર દ્વારા માનવની પાર્થિવ ચેતનાનું અતિમનસ ચેતનામાં રૂપાંતરિત કરે છે, તેની ઉર્ધ્વ યાત્રા કરાવે છે.

શ્રી સુન્દરમ્‌ના પ્રત્યેક શિબિર ગાનો માનવને ઉર્ધ્વ તરફ ગતિ કરવા પ્રેરણા આપે છે. જે માનવના જીવન યાત્રાના માર્ગમાં આવતા પ્રત્યેક ચોકમાંથી ઉર્ધ્વમાં ગતિ કરવા પ્રેરણા આપે છે.

કવિ સુન્દરમ્ ચોકને એક વ્યક્તિના નામ સાથે મર્યાદિત કરવાનું નથી. પરંતુ સમષ્ટિના અંશ તરીકે સ્વીકારીને અનંતતા સાથે જોડાવવાનું છે. જે શ્રી સુન્દરમ્‌ને તેમના નિર્વાણદિન ૧૩, જાન્યુઆરી નિમિત્તે સાચી શ્રદ્ધાંજલિ રૂપ છે.

# યોગેશ્વરનો યોગ

પ્રકરણ - ૫

## યોગમાં પ્રવેશ

(ગીતા અ-૨, શ્લોક - ૫૪-૬૫)

''હે કેશવ, તમે, શાંત ઠરીઠામ બુદ્ધિ થશે ત્યારે જ, મને યોગનિષ્ઠામાં પ્રવેશ મળશે, એમ જણાવો છો. પણ આવી શાંત, નિશ્ચલ ઠરીઠામ થએલ બુદ્ધિ કેવી હોય એનો તો મને અનુભવ નથી. તેથી જેની આવી નિશ્ચલ બુદ્ધિ થએલ છે, સ્થિતપ્રજ્ઞ છે, જેણે પ્રભુ સાથે એકરૂપ થઈને સમાધિ પ્રાપ્ત કરી છે તેના લક્ષણો મને કૃપા કરી જણાવો. તે કેવી ભાષા બોલે છે ? તે દ્વારા પોતાના ક્યા ભાવો વ્યક્ત કરે છે. (કિં પ્રભાષેત-૨/૫૪) તે આંતરિક કેવી રીતે ઠરીઠામ થએલ હોય છે ? (કિમાસીત ૨/૫૪) તે કેવી રીતે કાર્ય કરવા પ્રવૃત્ત થતો દેખાય છે ? (વ્રજેત કિમ ૨/૫૪) એવી બધી તેની આંતરિક અને બાહ્ય અવસ્થાના લક્ષણો મને દર્શાવો તો જ હું મારી સ્થિતિ સમજી શકીશ. અન્યથા મારી બુદ્ધિતો ચંચળ જ હોય છે. તેની ઈચ્છા પૂરી થાય તો થોડીવાર તે શાંત થઈ જાય છે. બસ આ પ્રકારની ભોગ ભોગવ્યા પછીની તૃપ્તિ જ મને અનુભવવામાં આવી છે. આપ કહો છો કે આવા યોગનિષ્ઠાવાળાને ભોગેચ્છાજ હોતી નથી. તેથી તેને માટે ભોગભોગવ્યા પછીની તૃપ્તિનું કોઈ મહત્વ નથી. તેથી તેની સ્થિરબુદ્ધિ વિષે હું કોઈ કલ્પના કરી શકતો નથી. કૃપા કરીને મને તેની સાચી સમજણ આપો. તમારા સિવાય આવું મારા માટે કોણ કરી આપશે ? તેથી હું આપના પાસેથી જ જાણવા માંગું છું.''

અરે અર્જુન, જ્યારે યોગીના અવચેતનમાં પણ રહેલી (મનોગતાન્ - ૨/૫૫) ઈચ્છાઓ અને કામનાઓને તે કાયમી સ્વરૂપે છોડી દે છે. (પ્રજહાતિ- ૨/૫૪) અને પોતાની સર્વવ્યાપી પરમ-ચેતના, પુરૂષોત્તમ-ચેતના સાથે એકરૂપ રહીને તેમ કરવામાં જ સંતોષ માને છે (આત્મન્યેવાદમાના તુષ્ટઃ) તેવી જ વ્યક્તિને 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય છે. પાર્થ, પ્રજ્ઞા માનવની બુદ્ધિથી પણ શ્રેષ્ઠ જ્ઞાનાર્જનનું સાધન છે. તે ચૈત્યપુરૂષની જ્ઞાનાર્જનની ક્ષમતા સ્વરૂપ છે. તેમાં યોગીની ચેતના પરમ-ચેતના સાથે એકરૂપ થઈ જાય છે. અને આ એકરૂપતામાં જ પરમ-ચેતનાને તત્વતઃ અર્થાત તે ખરેખર જેવી છે તેવી જ, (૧૮/૫૫) યોગી જાણી શકે છે. પરમ-ચેતના ઘણી વખત ભક્તની અપેક્ષાનુસાર નામરૂપ ધારણ કરે છે. (યો યથા માં પ્રપદ્યંતે તાંસ્તથૈવ ભજામ્યહમ્) પણ તે નામરૂપને કારણે તેમના

સ્વરૂપને મર્યાદાઓ પડી જાય છે. પરમ-પ્રભુ ખરેખર જેવા છે, તેવા જ તે નામરૂપ દ્વારા પ્રગટ થઈ શકતા નથી. તે આંશિક પ્રાગટ્ય હોય છે. પૂર્ણપ્રાગટ્ય નહિ. પણ પ્રજ્ઞા-શક્તિ પરમ-ચેતના સાથે એકરૂપ થઈને જે જ્ઞાન મેળવે છે તે પૂર્ણજ્ઞાન હોય છે. આવી રીતે જ્યારે યોગી પ્રજ્ઞા દ્વારા જ્ઞાનાર્જન કરવા ટેવાઈ જાય છે ત્યારે તેને સ્થિત પ્રજ્ઞ અર્થાત જે પ્રજ્ઞામાં સ્થિર થએલ છે, એમ કહેવામાં આવે છે. પ્રજ્ઞા દ્વારા જ પ્રભુના સંકલ્પો અને પ્રેરણાઓ આપણે જાણી શકીએ છીએ. બુદ્ધિ એ તો સૂક્ષ્મ શરીરની ક્ષમતા છે. જ્યારે જ્ઞાનાર્જનનાં સાધન હોવા છતાં બુદ્ધિ જ્ઞાનાર્જનમાં ભૂલો કરે છે, પ્રજ્ઞાનું જ્ઞાન અચૂક અને સત્ય જ હોય છે. તે કારણ શરીરની ક્ષમતા છે.

આવી પ્રજ્ઞા-શક્તિ જાગૃત થએલ યોગીને જ ‘સ્થિતપ્રજ્ઞ’ કહેવાય છે. લોકોને પ્રજ્ઞા વિષે જ્ઞાન ન હોવાથી તેમને સમજાવવા જ ‘બુદ્ધિ’ શબ્દ વાપરવો પડે છે. હે અર્જુન તને પણ હજી પ્રજ્ઞા-શક્તિનો અનુભવ નથી. પ્રજ્ઞા એ આત્માની જ્ઞાનાર્જન કરવાની શક્તિ છે. આત્માની સ્વસભાનતા સ્વરૂપ આ પ્રજ્ઞા-શક્તિ છે. તે પ્રકાશમય શક્તિ છે. પ્રજ્ઞામાં સ્થિર યોગીને પોતાના સ્વરૂપમાં આંતર-પ્રકાશનો ઉજાશ સતત દેખાતો હોય છે. પોતાનું સ્વરૂપ આંતર-સૌમ્ય આહલાદદાયક પ્રકાશથી છલોછલ ભરાયેલું છે એવું તેને લાગે છે. ભગવાન શંકરના ચંદ્રમૌલિ અથવા ભાલચંદ્રનું આ યોગિક રહસ્ય છે, યોગિત-પ્રતીક છે, એમ જ સમજી લે. આને કારણે સતત એક આંતરિક-આનંદ યોગી અનુભવતો હોય છે. તેને જ અમૃતાનુભવ કહે છે. આ દિવ્યાનંદને કારણે જ અન્ય માનસિક અને શારીરિક લક્ષણો પ્રગટ થતાં હોય છે. આત્માનંદ એ બધા જ દૈવીગુણોની જનની છે.

હવે આવા યોગીનાં માનસિક લક્ષણો ક્યા પ્રગટ થાય છે તે અર્જુન એકાગ્ર થઈને સમજી લે.

અર્જુન, યોગી હૃદયની અંદર આત્માનું-ચિરંતર સુખ અનુભવતો હોવાથી ક્રિયમાણ કર્મ ફળ સ્વરૂપ કોઈ દુઃખ જીવનમાં આવી પડે તો પણ તેને ઉદ્વેગ થતો નથી. દુઃખમાં પણ તે આંતરિક-ચેતનામાં ઊતરીને આંતરિક સુખ મેળવતો જ હોય છે. હંસ પક્ષી માનસ સરોવરમાં વિહાર કરતાં કરતાં વચમાં વચમાં પાણીમાં ડૂબકી મારે છે અને શીતલતાનો અનુભવ કરે છે. તેમ આ યોગી થોડી થોડી વારે આંતરિક ડૂબકી લગાવી આત્માનું સુખ ભોગવી પાછો બહાર આવે છે તેથી દુઃખનો તેનો ઉદ્‌વેગ શમી જતો હોય છે. (દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ ૨/૫૬)

સુખપ્રાપ્તિ થઈ હોય તો તે સુખ ટકી નહિં રહે તો તેવો ભય તેને રહેતો નથી તેને સુખ અખંડ ચાલુ રહે કે ન રહે તેમાં ફેર પડતો નથી. તેને સુખનો સમય લંબાયા કરે એવી સ્પૃહા અર્થાત ઈચ્છા જ રહેતી નથી. તેને તો આંતરિક સુખનું અખંડ અને શાશ્વત ઝરણું મળી ગયેલ હોય છે અને તેમાંથી તે ઈચ્છે તે ક્ષણે ક્ષણમાત્રની એકાગ્રતા કરીને સુખપ્રાપ્તિ કરી શકે છે તેથી તેને સુખ રહે કે ન રહે તેની દરકાર જ રહેતી નથી (સુખેષુ વિગત સ્પૃહઃ - ૨/૫૬) તેને સુખ અને દુઃખ બાબત કોઈ સ્પૃહા કે ઉદ્‌વેગ ન રહેવાથી તેને સુખ બાબત રાગ અર્થાત આસક્તિ નથી. તેમજ સુખ નષ્ટ થવાથી તેને સુખ નષ્ટ કરનાર નિમિત્ત બાબતમાં ક્રોધ પણ આવતો નથી તેવું જ દુઃખ બાબત પણ થાય છે. તેને દુઃખનો ભય લાગતો નથી. દુઃખના નિમિત્ત બનેલી વ્યક્તિ બાબત ક્રોધ પણ આવતો નથી અને દુઃખ નિવારવાના સાધનો બાબત આસક્તિ પણ રહેતી નથી.

આવી રીતે તેની બુદ્ધિ દુઃખના ભયથી ચંચળ બનતી નથી અને સુખની કલ્પનામાં આસક્ત પણ બનતી નથી. (વીતરાગભયક્રોધ - ૨/૫૬) તે તો ચંચળતા છોડી આત્માનુભવમાં સ્થિર થએલી હોય છે તેથી તેને 'સ્થિતધીઃ ' કહેવાય છે સ્થિર યોગ-બુદ્ધિવાળો કહેવાય છે. આવી વ્યક્તિને બધે સ્થાને અનાસક્તિ જ હોય છે આસક્તિનો અભાવ હોય છે (અનભિસ્નેહઃ) ૨/૫૭) તે સુખ આપનાર વસ્તુથી પ્રસન્નતા પણ અનુભવતો નથી (નાભિનંદતિ - ૨/૫૭) દુઃખ આપનાર વસ્તુઓથી આઘો પણ ભાગતો નથી (ન દ્વેષ્ટિઃ ૨/૫૭) આવી રીતે સુખ દુઃખ બાબત તદ્દન પસંદગી નાપસંદગી વગરનો જ રહે છે. એવી વ્યક્તિમાં જ પ્રજ્ઞા-શક્તિ સ્થિર થઈ છે એમ કહી શકાય. જેમ કાચબો સંકટ આવતાં પોતાના અંગો સંકોરીને પોતાની અંદર છુપાવી લે છે, તેમજ આવા યોગીની ઈન્દ્રિયો તેમનાં વિષયો પ્રત્યેથી પોતાને અંદર ખેંચી લઈ પ્રજ્ઞાએ આપેલા આત્મસુખ ભોગવવામાં જ લીન થઈ જાય છે. દિવ્યસુખ સામે ક્ષણિક સંવેદનનું સુખ તેને ખૂબજ હલકા પ્રકારનું લાગે છે. આવા યોગીના ઈન્દ્રિયોના વિષયો (સંવેદનો) ન સ્વીકારવાથી પાછા ફરે છે (નિવર્તન્તે નિરાહારસ્ય ૨/૫૯) પૂવે જે સંવેદનોમાં રસ પડતો હતો તે હવે તેને અનુભવાતો નથી (રસવર્જમ્ - ૨/૫૯) કારણ તે આંતરિક રીતે પેલા પરમ-તત્વની પ્રકાશમય ઝાંખી સતત અનુભવતો હોય છે (પરંદૃષ્ટવા ૨/૫૯) અને તેથી ઈન્દ્રિયોના સંવેદનોમાંનો રસ ચાલ્યો ગયો હોય છે. આ ઈન્દ્રિયોની નિવૃત્તિ એટલી સહજ અને સ્વાભાવિક હોય છે કે જાણે મધ ચાખતાં જ ભમરો પોતાનો ગુંજારવ ભૂલી

જતો ન હોય ! પણ તે જ ઈન્દ્રિયોને બુદ્ધિથી પરાવૃત્ત કરવાનો કોઈ માનવ પ્રયત્ન કરે (વિપશ્ચિતઃ - ૨/૬૦) તો તે બુદ્ધિના નિર્ણયને ભાંગી નાખનાર (પ્રમાથીનિ - ૨/૬૦) ઈન્દ્રિયો તેના મનને પરાણે સંવેદનોનાં રસ તરફ ખેંચી જાય છે. બુદ્ધિ અને પ્રજ્ઞાની ક્ષમતામાં આવો તફાવત છે. આવી રીતે બધી ઈન્દ્રિયોને હસતા રમતા વશ કરીને પરમ-ચેતના સ્વરૂપ મારી સાથે એકરૂપ કરીને (મત્પરઃ - ૨/૬૧) સ્થિર થએલો યોગી હોય તો તેની પ્રજ્ઞા-શક્તિ સ્થિર છે એમ કહી શકાય.

સામાન્ય માનવની ભૂલ ક્યાં થાય છે એ, હે અર્જુન, તને દર્શાવું છું જેથી તારી ભૂલ તું તરત પકડી પાડીશ. સામાન્ય માનવ જાણતા અજાણતાં ઈન્દ્રિયોનાં વિષયોનું મનમાં સ્મરણ કરીને તેમાં રસ લેતો હોય છે. (ધ્યાયતો વિષયાન - ૨/૬૨) આને કારણે તેનું મન અને પેલા વિષયમાંનો રસ એ બન્નેનાં સંબંધો વધારે મજબૂત થતાં જાય છે. (સંગસ્તેષુપજાયતે - ૨/૬૨) આ દૃઢ સંગને કારણે જ પછી તે માણસને તે વિષયો પ્રાપ્ત કરવાની ઈચ્છા અને કામના જાગે છે. અને તે કામનામાં અવરોધ આવે તો તેને ક્રોધ પણ ચડે છે. ક્રોધ ચડવાથી તે માણસ વધારે જીદ્દે ચડીને તે વિષય મેળવવા પ્રયત્ન કરે છે. જેને 'સંમોહ' કહેવાય છે. આવા સંમોહને કારણે પરમ-ચેતના સાથે એકરૂપતા રાખવાથી સભાનતા તે ખોઈ બેસે છે (સ્મૃતિવિભ્રમઃ - ૨/૬૨) અને આ પરમ-ચેતના સાથેની એકરૂપતા નષ્ટ થતા જ તેની યોગબુદ્ધિનો પણ નાશ થાય છે (બુદ્ધિનાશો - ૨/૬૨) અને આવી યોગનિષ્ઠા જ નબળી પડતા જ તેની સમગ્ર યોગ - સાધના જ નાશ પામે છે (પ્રણશ્યતિ - ૨/૬૨)

અર્જુન, એકમાંથી બીજું પતન એમ પતનની હારમાળા જ સર્જાય છે. આ જો તું સમજશે તો યોગનિષ્ઠામાંના વિઘ્નો પાર કરવામાં તને સુગમતા પ્રાપ્ત થશે. યોગનિષ્ઠાને બચાવવાની યુક્તિ તું બરાબર સમજી લે. જો તું સુખદ વિષયોમાંની આસક્તિ અથવા રાગ અને દુઃખદ વિષયોમાંનો દ્વેષ અર્થાત તેના બાબતની નાપસંદગીમાંથી ઉપર ઉઠી જઈશ અને પોતાને રાગદ્વેષથી મુક્ત રાખીશ તો ઈન્દ્રિયો ભલે વ્યવહારમાં પોતાના વિષયો તરફથી આવતા સંવેદનો અંદર મોકલે, તો પણ તેનું અંતકરણ તેના વશમાં હોવાથી (આત્મવશ્યૈઃ - ૨/૬૪) અને તેના અંતકરણે યોગનિષ્ઠાને ટકાવવાનો નિર્ણય લીધેલો હોવાથી (વિધેયાત્મા - ૨/૬૪) તેના અંતકરણમાં પરમ-ચેતના સાથેની એકરૂપતા ટકી રહેલી હોવાથી તેને આ બધાને કારણે અંતે આંતરિક પ્રસન્નતા (પ્રસાદઃ ૨/૬૪)

અચૂક મળે જ છે. આવી આંતરિક પ્રસન્ન્તાને કારણે તેના બધા જ દુખઃદ સંવેદનો પોતાની મેળે શમવા માંડે છે (સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે - ૨/૬૫) અને તેથી આવા યોગીનું પ્રસન્ન અંતકરણ તત્કાળ યોગ-બુદ્ધિમાં સારી રીતે સ્થિર થતું જાય છે. તેમાં પોતાના વિકારોમાંથી ઉપર ઊઠવાની આત્મશ્રદ્ધા જાગે છે. મનમાં ગડમથલ રહેતી નથી. યોગનિષ્ઠાથી જ જીવન જીવવાનો દૃઢ નિર્ધાર પ્રગટે છે. અરે અર્જુન, તેને જાણે ખરેખર યોગ-કરવા માટે પ્રભુએ પસંદ કરેલો હોય છે. પ્રભુ જ તેના યોગની સુરક્ષિતતા અને પ્રગતિ પોતાના હસ્તક લઈ લે છે (યોગક્ષેમમ્ વહામ્યહમ્). યોગેશ્વર શ્રી કૃષ્ણ જ તેના જીવન-રથનું સારથિ પદ સ્વીકારે છે. આ તો તે સાધકનું મહત્-ભાગ્ય બની જાય છે. આવા સાધકની સંકલ્પ બુદ્ધિ હવે બધી રીતે યોગમાં સ્થિર બની ગએલી હોય છે. (બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે - ૨/૬૬) અને તે પણ તત્કાળ (આશુ)

## સમગ્ર સમર્પણ એટલે શું ?

યોગમાં આ બધુ ખૂબ અસરકારક બની જાય છે. પોતાનું કહીએ એ સર્વેને ફેંકી દેવું - પોતાનું એટલે પોતાની પાસેની માત્ર વસ્તુઓ જ નહિ. પણ પોતીકા પ્રયત્નો, પોતીકાનું સ્વ બળ, પોતાનું જીવન પોતાની જીદ કરીને મેળવેલી વસ્તુઓ - પસંદગીઓ, આગ્રહો, દરિદ્રતાઓ, આ બધી વસ્તુઓ છે જેને આપણે ફેંકી દેવાની રહે છે. આ બધું ફેંકી દઈએ એટલે પ્રભુનો પ્રકાશ સીધેસીધો આપણા જીવનની અંદર પ્રવેશ કરવા માંડે છે. તમારે માત્ર આટલું જ કરવાનું છે. પ્રભુને જ વળગી રહો. એના જ વિચારો, એને જ સાથે રાખવાનો, પળ પણ વેડફવાની નહિ. પ્રભુ દ્વારા જીવાતું જીવન આપણે માંગવું છે. આપણી ઈચ્છાને સંતોષનું એવું જીવન નહિ.

- શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી

✦ ✦ ✦

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન Next Future
જાન્યુ.૦૯ ઉપરથી સાભાર)

વર્ષ પૂરૂ થવા તરફ આગળ વધે છે તેમ આપણે આ વર્ષમાં શું મેળવ્યું તેની ગણતરી કરવા માંડીએ છીએ. આ મેગેઝીન દ્વારા પ્રેરણા આપીને દિવ્ય-પ્રકાશની સમીપ જવાનો આપણો ઉદ્દેશ હોય છે. આપણામાંની સર્વોત્તમ વસ્તુ પ્રભુ અને વાંચકોને આપવાનો અમારો સંનિષ્ઠ પ્રયત્ન હોય છે. પ્રભુ તો આપણી અભીપ્સાનો અને પ્રયત્નોનો મૂળ સ્રોત જ છે.

આપણામાંનું સુંદર અને સત્યને પ્રભુને નિવેદિત કરવું એ નિશ્ચિત જ સાચો આદર્શ છે. બધી જ આધ્યાત્મિક પરંપરાઓ આ માર્ગને માન્યતા આપે છે. પણ આના સિવાય પણ એક વસ્તુ વધારામાં પ્રભુને નિવેદિત કરવાની હોય છે. આપણામાંની નબળાઈઓ અને દૂષણોને પણ આપણે પ્રભુ સામે નિખાલસતાથી ધરી દેવાનાં હોય છે, જેથી તે તમોગ્રસ્ત ભાગમાં પણ પ્રભુનો પ્રકાશ પ્રવેશે અને આપણા કર્મોને શુદ્ધ કરે, આપણા વિચારોને પવિત્ર કરે અને આપણા શબ્દોને ભવ્યતા અર્પે. પણ જ્યાં સુધી આપણા સ્વરૂપમાંના તમોગ્રસ્ત ધાબા પ્રકાશિત ન થાય ત્યાં સુધી આપણો આ પથ ઉપરનો પ્રવાસ ચાલુ રહેશે પણ મંદગતિથી, નબળાઈઓ આપણને શરમાવવા માટે નથી પરંતુ ઉત્સાહથી આપણા આત્માની ગૂંથણીમાં પડેલા છિદ્રોને પૂરી દેવાની પ્રેરણા માટે હોય છે. તે ધ્યાન બહાર રહેવાથી મોટા અને પહોળા ન થઈ જાય તે માટે આ વ્યવસ્થા હોય છે.

આ પૂરા થતા વર્ષે આવી સિદ્ધિઓ અને નબળાઈઓને પ્રભુ ચરણે ધરી દેવાની છે. પ્રભુ જ તેમની ઈચ્છા મુજબ યોગ્ય વસ્તુ કરશે.

(સમાજ સામે આપણે આપણામાંનું જે સારું છે એ મૂકીએ છીએ પણ તે રીત પ્રભુ પાસે નકામી છે. પ્રભુ સામે આપણે જેવા છીએ તેવા - સારા કે નરસા પોતાને ધરી દેવાનાં છે. **'મામેકં શરણવ્રજ'** એજ પ્રભુની ઈચ્છા છે. - તંત્રી)

# ઉપનિષદોનું અમૃત

પ્રકરણ - ૧

## છાંદોગ્યોપનિષદની ઉદ્‌ગીથ વિદ્યા

(૧/૧-૪)

સામ એ ગાનનો પ્રકાર છે. જ્યારે ગાન દ્વારા સમ તત્વ, બ્રહ્મ તત્વ પ્રગટ થવા માંડે છે ત્યારે તેને સામ-ગાન કહે છે. બ્રહ્મચેતના પ્રગટ થવી એટલે જ સામ. જ્યારે ગાન કરતા કરતાં પ્લુત સ્વરમાં, ઊંચા અવાજે લાંબો આલાપ લેવામાં આવે છે ત્યારે તેને 'ઉદ્‌ગીથ' કહેવામાં આવે છે. આલાપમાં સ્વર હોય છે અને સ્વર દ્વારા જ નાદ પ્રગટ થાય છે. ઓમ્‌કાર નાદનો પ્રકાર છે તેને નાદ-બ્રહ્મ કહે છે. આ સમગ્ર જગત નાદમય છે, પ્રાણના કંપન-સ્વરૂપ છે, એવું ઉપનિષદોનું કહેવું છે તેથી તેવા ઓમ્‌કાર નાદને પ્રગટ કરવાની વિદ્યાને ઉદ્‌ગીથ વિદ્યા કહે છે. તે વિદ્યા બધી વિદ્યાઓથી શ્રેષ્ઠ છે મહત્વની છે તે માટે ઉપનિષદ જણાવે છે કે આ માનવી શરીરનું સારતત્વ શારીરિકતત્વ રૂપ પૃથ્વી છે. આ શારીરિક તત્વનું સાર લોહી છે. જે પ્રવાહી છે (આપ) આ લોહીનું સારતત્વ તેમાં રહેલ પોષક દ્રવ્યો છે (ઔષધિ) આ પોષક-દ્રવ્યોનું સાર તત્વ ઉત્સાહ અને સાહસ છે (પુરૂષો) સાહસનું સાર તત્વ તેની આત્મવિશ્વાસ પૂર્ણ ભાષા છે (વાક્) આત્મવિશ્વાસપૂર્ણ ભાષાનું સાર તત્ત્વ તેની પ્રાર્થના સ્વરૂપ મંત્રો છે (ઋક્) મંત્રોનું સારતત્વ સામગાન છે અર્થાત પોતાને સમગ્ર પ્રશાંતિમાં રાખી ભાવ પૂર્ણ ગાન છે. આમ ગાનનું સાર તત્વ ઉદ્‌ગીથ વિદ્યા અર્થાત ઓમ્‌કાર છે. પ્રણવ છે. જે દિવ્યસ્વરૂપનાં નસર્જનને બળ પુરૂ પાડે છે. ઉદ્‌ગીથ એટલે પ્રેરણાસ્રોત બની રહેવું.

સારતત્વ તરીકે 'રસ' શબ્દ અહિં પ્રયોજ્યો છે. સારાંશ પ્રાણીમાત્રનું સારતત્વ ૐકારનાદ જ છે. જે આપણામાંના પ્રભુ સંકલ્પને સક્રિય બનાવે છે અને બળ પુરૂં પાડે છે.

છાંદોગ્ય ઉપનિષદ આગળ જણાવે છે કે વાણીમાં થતો ઉચ્ચાર (વાક્) જ પ્રાણ તત્વનાં આંદોલનો છે. છંદ સ્વરૂપ છે અને તેની દ્વારા પ્રગટ થતુ બ્રહ્મ તત્વ જ તેનુ ઉદ્‌ગીથ અર્થાત ઉછળતો તરંગ છે. શક્તિનો સ્રોત છે. શક્તિની ગંગોત્રી છે. સારાંશ બ્રહ્મતત્વના તરંગો જ છંદ છે. નાદના આંદોલનો છે જ્યારે બ્રહ્મતત્વ રૂપી સમાન તત્વ અર્થાંત સામ અને ઉચ્ચાર રૂપી વાક્ બન્ને મળે છે અર્થાંત

બ્રહ્મતત્વની લહેર રચાય છે ત્યારે તેને જ ઉદ્‌ગીથ કહેવાય છે. આવી રીતે યોગી ઉદ્‌ગીથ દ્વારા બ્રહ્મતત્વને સક્રિય કરી શકે છે. ચેતનામાં તરંગો નિર્માણ કરી શકે છે. આવા ચેતનાના અનુરૂપ તરંગો નિર્માણ કરવાની વિદ્યાને જ ઉદ્‌ગીથ વિદ્યા કહેવામાં આવે છે.

બ્રહ્મતત્વના સાક્ષાત્કાર માટે ૐકાર સ્વરૂપ અસીમ ભેદરહિત ચેતનાનાં તરંગો નિર્માણ કરવા પડે છે તે જ ઉદ્‌ગીથ વિદ્યાનું રહસ્ય છે.

આ વિદ્યાની ઉપાસના દર્શાવવા એક આખ્યાયિકા કહેવામાં આવે છે.

દેવો અને અસૂરો બન્ને વચ્ચે યુદ્ધ શરૂ થયું. દેવોએ સોહંવિદ્યાનો ઉપયોગ કરી નાસિકા દ્વારા ઉદ્‌ગીથ વિદ્યાની ઉપાસના કરી અર્થાત શ્વાસ ઉચ્છ્‌વાસ દ્વારા બ્રહ્મ તત્વ જ સંચરે છે તેવો ભાવ ધારણ કર્યો તો અસૂરોએ તેમના પ્રયત્ન ઉપર પાણી ફેરવવા નાસિકામાં દુર્ગંધ પેદા કરી તેથી તે ભાવ નષ્ટ થયો.

તેથી ઉદ્‌ગીથ વિદ્યા સફળ થઈ નહીં. પછી આંખો દ્વારા તેમણે ઉદ્‌ગીથ વિદ્યા આરાધી. અર્થાત જે કાંઈ દેખાય છે તે બ્રહ્મના તરંગોથી રચાએલાં રૂપો જ છે એવો ભાવ ધારણ કર્યો. તો તેમાં વિકાર નિર્માણ કરનારાં રૂપો દર્શાવી અસૂરોએ વિઘ્ન નિર્માણ કર્યા. દેવોએ વાક્ દ્વારા ઉદ્‌ગીથ વિદ્યા ઉપાસી અર્થાત શબ્દ ધ્વનિ એ બ્રહ્મના તરંગોનો જ પરિણામ છે એવો ભાવ ધારણ કર્યો તો અસુરોએ અસત્ય શબ્દો ઉચ્ચારી તેમના ભાવને નષ્ટ કરી નાખ્યો. તેથી દેવોએ કર્ણ દ્વારા ઉદ્‌ગીથ વિદ્યા ઉપાસી અર્થાત અમે કાન દ્વારા સાંભળીએ છીએ તે બ્રહ્મ તત્વના કંપનો જ છે એવો ભાવ ધારણ કર્યો તો અસૂરોએ ગાળો બોલીને તેમનો તે ભાવ પણ નષ્ટ કર્યો. તેથી દેવોએ મન દ્વારા ઉદ્‌ગીથ વિદ્યા ઉપાસી અર્થાત મનમાંના વિચારો એ બ્રહ્મતત્વનાં જ તરંગો છે એવો ભાવ ધારણ કર્યો ત્યારે અસૂરોએ કૂવિચારો તેમના મનમાં નિર્માણ કરીને તે ભાવને પણ નષ્ટ કરી દીધો.

તેથી અંતે દેવોએ મુખ્ય પ્રાણ તત્વ દ્વારા ઉદ્‌ગીથ વિદ્યા ઉપાસી અર્થાત અસીમ આત્મતત્વનું ધ્યાન કરતાં કરતાં જે અનુભવાય તે અસીમ આત્મતત્વનાં જ વિવિધ સંવેદનો છે એવો ભાવ ધારણ કર્યો. હવે અસૂરોએ વિકારો નિર્માણ કરવાના પ્રયત્નો કર્યા પણ ફાવ્યા નહિં. કારણ દેવો અસીમ ચેતના સ્વરૂપ આત્મતત્વનું અખંડ ધ્યાન કરતા હતા. તેથી અસૂરો હતપ્રભ થઈ ગયાં અને પરાભૂત થયા.

આ આખ્યાયિકાનો સાર એ છે કે સ્વતંત્ર સંવેદનોને ફક્ત સીમિત

(અનુસંધાન પાના નં.૪૭ ઉપર)

# અરવિંદોપનિષદ

પ્રકરણ - ૯

## પુરૂષોત્તમનું સ્વરૂપ

**સ એવ પરાત્પરઃ પુરૂષઃ। તે જ એક પરાત્પર પુરૂષ છે.**

પરાત્પર એટલે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ. પર એટલે શ્રેષ્ઠ અને પરાત્ પર એટલે શ્રેષ્ઠોમાં પણ શ્રેષ્ઠ અર્થાંત સર્વશ્રેષ્ઠ.

પણ આ શ્રેષ્ઠતા કઈ બાબતની છે ? પ્રભુ સર્વ સત્તાધીશ છે. પ્રભુ સર્વજ્ઞ છે. પ્રભુ સર્વવ્યાપી છે. પ્રભુ સર્વાન્તરયામી છે. પ્રભુ સર્વ સર્જનહાર છે. સર્વકાળમાં છે. સનાતન છે. બાકીનાં બધા આમાંથી એકાદ ગુણ ધરાવતા હશે. પણ પ્રભુ તો સર્વાંગપૂર્ણ છે. તેથી તે ફક્ત શ્રેષ્ઠ નથી પણ શ્રેષ્ઠોમાં પણ શ્રેષ્ઠ છે. પરાત્પર છે.

આ છે એક અર્થ

આનો બીજો પણ અર્થ છે. અખિલ જગત અનેક સ્તરનું બનેલું છે. નીચેના જગતો અશુદ્ધ છે. મલિન છે. જેમ જેમ ઉપરના જગતોમાં જઈએ તેમ તેમ મલિનતા અને અશુદ્ધિ ઓછા થતાં જાય છે. અંતે આવે છે સર્વથી શ્રેષ્ઠ જગત. તેને કહે છે આનંદમય લોક. પણ પ્રભુ તો તેથી પણ ઉપરનાં લોકમાં રહે છે. તેથી તે પરાત્પર છે. તે ઉપરના લોકને અનેક નામ છે. વૈશ્ણવો કહે છે વૈકુંઠ. શૈવો કહે છે કૈલાસ. શાકતો કહે છે મણીદ્વિપ. પણ આ બધા તો પ્રભુધામના વિવિધ પાસા રૂપ જ છે. તેમનું નિજધામ છે કૈવલ્ય. જ્યાં પ્રભુ સિવાય કાંઈ નથી. બધું પ્રભુરૂપ જ છે. બધું પ્રભુમય જ છે.

આ છે બીજો અર્થ.

ત્રીજો અર્થ ગીતાનાં પંદરમાં અધ્યાયમાં આપેલો છે. પ્રભુ ચેતના સ્વરૂપ છે. ચેતનાની ત્રણ કક્ષા છે. જે ચેતના બાહ્ય સ્વરૂપ સાથે વિકાસ પામતી દેખાય છે, તે છે ક્ષરપુરૂષ. ક્ષર એટલે બદલાતો, વિકસતો.

તેનાથી શ્રેષ્ઠ પુરૂષ છે તેને કહે છે અક્ષરપુરૂષ. તેમાં બાહ્યરૂપ સાથેનો સંબંધ કપાઈ જાય છે. રહે છે ફક્ત ચેતના, જે શુદ્ધ છે, દિવ્ય છે, નિર્લેપ છે, સ્થિર અને સ્થાયી છે, પ્રકાશમય છે, નિરાકાર છે, અસીમ છે. ગીતા તેને જ અક્ષરપુરૂષ કહે છે. તે પોતે જ પોતામાં લીન ચેતના છે.તેમાં વિકાસ નથી. બદલ નથી. અચલ છે. માટે જ.... અક્ષરપુરૂષ.

આ બન્ને પુરૂષોથી શ્રેષ્ઠ એવો પુરૂષ છે. તેને ગીતા ઉત્તમપુરૂષ અથવા પુરૂષોત્તમ કહે છે. તેમાં ક્ષર અને અક્ષર પુરૂષ બન્નેનો સમાવેશ થાય છે. આ બન્ને તેનાં અવિભાજ્ય પાસાં છે. સક્રિયપાસુ તે ક્ષરપુરૂષ. નિષ્ક્રિય પાસુ તે અક્ષરપુરૂષ. આ બન્ને પુરૂષોથી તે વધારે પૂર્ણ છે. તેથી તે પુરૂષોત્તમ કહેવાય છે. તે જ સહુથી શ્રેષ્ઠ. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ, પરાત્પર પુરૂષ છે.

આ ત્રીજો અર્થ થયો.

હવે પુરૂષ શબ્દનો અર્થ સમજીએ. પુરૂષ એટલે નરવાચક શબ્દ નથી. પુરૂષ અને સ્ત્રી આમાંનો તે પુરૂષ નથી. શાસ્ત્રોમાં પુરૂષની ખાસ વ્યાખ્યા આપેલી છે. ‘પુરં શેતે ઈતિ પુરૂષઃ’ જે શરીરરૂપી પુરમાં, નગરમાં રહે છે તેને પુરૂષ કહે છે. ‘શેતે’ નો અર્થ છે જે હજી સૂતો છે તેનો અર્થ છે હજી જેણે પોતાને પૂર્ણરીતે પ્રગટ કરેલ નથી, હજી અવ્યક્ત છે તેવી ચેતના. ચેતના તો અનંત છે. તેથી તેનો થોડોક ભાગ તો સદા અવ્યક્ત રહેવાનો છે, તેથી તે પુરૂષ જ રહેશે.

તેથી પરાત્પર પુરૂષનો અર્થ થયો એવી ચેતના જે શરીર દ્વારા પૂરેપૂરી પ્રગટ થઈ નથી. ઉત્ક્રાંત થઈ રહી છે. આવી ચેતના જ્યારે ઉત્ક્રાંતિની ટોચ ઉપર આવશે અને પ્રગટ થશે ત્યારે ત્યારે તેને પરાત્પર પુરૂષ કહેવામાં આવશે.

તો શું હાલમાં તે પરાત્પર પુરૂષ નથી ? ના એવું નથી. હાલમાં પણ તે પરાત્પર પુરૂષ જ છે. કારણ તે આપણા માટે અવ્યક્ત છે, અપ્રગટ છે. પણ પોતાના માટે ? પોતાના માટે તો તે વ્યક્ત છે જ. તે પૂર્ણ જ છે તેનો વિકાસ અપૂર્ણતાથી પૂર્ણતા તરફનો નથી. પણ અવ્યક્ત પૂર્ણતા તરફથી વ્યક્ત પૂર્ણતા તરફનો છે. તેથી તે તો સદા પરાત્પર પુરૂષ જ છે.

તેથી શ્રી અરવિંદ આ ભાવ ‘સ એવ’ શબ્દથી વ્યક્ત કરે છે. ‘સ એવ’ એટલે તે જ. અન્ય કોઈ નહિં. આપણે હજી અજ્ઞાનમય ચેતનામાં જીવવાથી આપણે પરાત્પર નથી. આપણે બીજરૂપે પરાત્પર છીએ. પ્રગટ રીતે નથી પણ ફક્ત પ્રભુ જ બીજરૂપે અને પ્રગટરૂપે પરાત્પર જ છે. તેથી તે જ પરાત્પર પુરૂષ છે.

## યોગશક્તિનો હેતુ

યોગશક્તિ સ્વયં એક તણખો છે. એ હોય છે યોગાગ્નિનો તણખો - એ તમને તમારા મૂળ પુરુષની નજીક લઈ જવામાં મદદ કરતો રહે છે.

- શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી

# સાવિત્રી-સાર

પ્રકરણ-૭૫

## સૂક્ષ્મ જગતોની દિવ્યતા

(Savitri - B-1. C-3, P 28)

અશ્વપતિને અતિમનસ જગત અને અતિમનસ સૃષ્ટિનો અનુભવ આવી રહ્યો છે. અને તેની અભિવ્યક્તિ તરીકે નીચેના જગતોની વિવિધ કક્ષાઓ એક જ નજરે દેખાઈ રહી છે, કારણ તેમના શરીરમાંના બધા જ યોગ ચક્રો ઉઘાડ અનુભવી રહ્યાં છે. તેમણે જાણે પોતાના હિરકદ્વાર પૂરેપૂરા ખોલી નાખ્યાં છે. અને તેથી ચેતનાની વિવિધ કક્ષાઓનો જગતોનાં એક સામટો અનુભવ અશ્વપતિને આવી રહ્યો છે. આ બધા યોગચક્રો વિવિધ કક્ષાનાં જગતોનાં પ્રવેશદ્વાર હતાં. પણ તે ફક્ત પ્રવેશદ્વાર જ નહોતાં. પણ તે જગતની શક્તિઓ અને તેના પરિણામો ભૌતિક જગત ઉપર પાડવાનાં આવિર્ભાવ-કેન્દ્ર સ્વરૂપ પણ હતાં. બારી ખોલતાં જેમ બહારનુંદૃષ્ય જોવાય છે ઉપરાંત બહારની ઠંડી લહેરકીઓનું પ્રવેશદ્વાર પણ બની જાય છે તેવી આ ઘટના હતી. અશ્વપતિ આવી અનેક અકલ્પનીય અને અપરિચિત શક્તિઓનો પરિણામ પોતાના અંતકરણમાં અનુભવી રહ્યો હતો.

અશ્વપતિને સૂક્ષ્મ જગતનું જે દર્શન થઈ રહ્યું હતું તેને કારણે આપણા આ ભૌતિક-જગતની સમજણ મેળવવામાં તેમને વધારે અનુકુળતા આવી ગઈ હતી અને અશ્વપતિ તે સૂક્ષ્મ જગતો અને ભૌતિક જગત વચ્ચેના તફાવત બાબત વધારે સભાન બન્યો હતો. સૂક્ષ્મ જગતો વધારે સત્યની પાસે કેવી રીતે છે તેની સમજણ તેમને મળી હતી અને તે જગતોની સત્યતા તેમને સમજાઈ હતી.

'The inner plans uncovered their crystal doors;
Strange powers and influences touched his life.
A vision came of higher realms than ours.'

અશ્વપતિને એક ઘટના ધ્યાનમાં આવી. જેમ જેમ ચેતનાના ઊર્ધ્વ કક્ષામાં જઈએ તેમ તેમ ચેતના વધારે પ્રકાશમય બનતી જાય છે. તેની મલિનતા ઘટતી

જાય છે, અને આને કારણે તે ચેતના વધારે ગુણવત્તા ધારણ કરે છે. એટલું જ નહિ તેની શક્તિઓ પણ વધતી જાય છે. જગતનું બંધન અને નિયંત્રણ ઘટતા જાય છે વ્યક્તિ વધારે સ્વતંત્ર અને પરિસ્થિતિ ઉપર વધારે પ્રભાવ અને પોતાનું નિયંત્રણ સાધે છે. ચેતનાની વિશાળતા પણ વધતી જાય છે.

એના પ્રમાણમાં આપણું ભૌતિક જગત આપણી ઉપર વધારે મર્યાદાઓ પાડે છે. વધારે બંધનો રચે છે. અને તેને કારણે જીવનનો અવધિ પણ ટૂંકો થઈ જાય છે. જેમ જેમ ઊર્ધ્વ સ્તરે જઈએ તેમ તેમ જીવનનો અવધિ લંબાતો જાય છે. પારતંત્ર્યને કારણે નિર્માણ થતી અગવડો, વિપત્તિઓ, રોગો ઘટતા જાય છે અને તેને કારણે જ જીવનનો સંઘર્ષ ઘટતો જવાથી જીવનકાળ લંબાતો જાય છે. ઊર્ધ્વ-કક્ષાના જીવન વધારે સંવાદમય, વધારે સુખરૂપ, વધારે સુરક્ષિત, વધારે પ્રફુલ્લિત અને આનંદી લાગે છે.

શરીર બાબત પણ એવું જ જણાય છે. આપણાં શરીરો ભૌતિક, જડ, ક્ષય પામતાં હોય છે. તે જડ, નક્કર ભૌતિક તત્વનાં બનેલાં હોય છે. પણ જેમ જેમ ઊર્ધ્વ-ચેતનામાં આરોહણ કરીએ તેમ તેમ શરીરનું દ્રવ્ય વધારેને વધારે સૂક્ષ્મ, શુદ્ધ બનતું જાય છે. અને તેથી તેમાં ક્ષય થવાની પ્રક્રિયા પણ ઘટતી જાય છે.

અશ્વપતિને લાગે છે કે માનવી શરીરમાં સહૂથી ઓછી બાહ્ય પરિસ્થિતિ સાથે અનુકૂળ થવાની ક્ષમતા છે અને જેમ જેમ ઊર્ધ્વ ચેતનામાં ચડતા જઈએ તેમ તેમ આ અનુકૂલન-ક્ષમતા વધતી જાય છે અને જેમ જેમ અનુકૂલન ક્ષમતા વધતી જાય છે તેમ તેમ શરીરની ઘસાવાની પ્રક્રિયા, મંદ પડતી જાય છે અને ખરેખર તેના પરિણામ સ્વરૂપે જ લાંબો જીવન-કાળ દેખાય છે. અશ્વપતિને લાગે છે કે સત્યલોકમાં, અતિમનસ લોકમાં, શરીરની અનુકૂલન ક્ષમતા પરાકોટીએ પહોંચી ગઈ હશે. તે રંગ, રૂપ, વજન, ઘનતા અને જીવન શક્તિ પેદા કરવામાં એટલી અનુકૂળતા નિર્માણ કરશે કે તે શરીરને સનાતન શરીર, નિત્ય-શરીર કહેવું પડશે, અનુકૂલ થવું એટલે જ બાહ્ય-પરિસ્થિતિનાં પરિણામોને નામશેષ કરી નાખવા એટલે જ સ્વતંત્રતા. એટલે જ મૃત્યુ ઉપર વિજય. શું મૃત્યુ ઉપર વિજયનું સ્વરૂપ આવું હશે ? શું અનુકૂલન ક્ષમતા એ જ સંજીવની વિદ્યા છે ? પૂર્ણતાની કસોટી છે ? અચિત્‌નો અભાવ છે ? ચેતનાનો પૂર્ણ આવિર્ભાવ છે ? અશ્વપતિને પોતાની સમજણ વધારે દૃઢ થતી લાગી. શ્રી અરવિંદ લખે છે કે

A consciousness circumscribed than brief - lived men
And subtler bodies than these passing frame,

અશ્વપતિનું ધ્યાન વિવિધ જગતોની વસ્તુઓ તરફ ખેંચાયું. આપણા ભૌતિક જગતની વસ્તુઓ જડ અને નિર્જીવ હોય છે. તેમનો જાણે પોતાનો કોઈ પ્રકાશ જ હોતો નથી. બહારનો પ્રકાશ તેમના પૃષ્ઠભાગ ઉપર પડે ત્યારે તે દેખાય છે. આપણી ભૌતિક ઈન્દ્રિયોને પણ પોતાની મહત્તર અને ન્યૂનતમ મર્યાદા હોય છે અમુક તીવ્રતા કરતાં વધારે સંવેદનો જગાડનાર વસ્તુ અને અમુક ન્યૂનતમ સંવેદનો કરતાં નીચેના સંવેદનો જગાડતી વસ્તુઓ આપણી ભૌતિક ઈન્દ્રિયોને દેખાતી જ નથી. પોતાની મર્યાદિત ક્ષમતામાં આવતી વસ્તુઓ જ દેખાય છે, અને અનુભવાય છે.

પણ આ સૂક્ષ્મ જગતોમાં જોતા હોઈએ ત્યારે આપણી સૂક્ષ્મ ઈન્દ્રિયોની સંવેદન ક્ષમતાની મર્યાદાઓ જાણે ખરી પડે છે અને અનુભવનું ક્ષેત્ર વિશાળ અને અમર્યાદ બની જાય છે. રંગોની તેજોમયતા અને ચળકાટ તો ઘણો જ વધી જાય છે. વસ્તુઓમાં ગુપ્ત રહેલ પ્રકાશ બહાર પ્રગટ થતો લાગે છે. તેથી દરેક વસ્તુનો જાણે એક આંતરપ્રકાશ છે એવું લાગે છે. ઈન્દ્રિયોને બાહ્ય પ્રકાશની જરૂર જ રહેતી નથી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંવેદનો પણ ઈન્દ્રિયો પકડી લે છે અને આને કારણે ભૌતિક જગતમાં જે જગત ત્રિમિતિક લાગે છે તે આ સૂક્ષ્મલોકમાં બહુમિતિક લાગે છે અજાણ્યાં પરિમાણો દેખાવા માંડે છે. એકંદરે વસ્તુઓ વધારે વિગતો સાથે દેખાય છે. વ્યક્તિ તરફ જોતી વખતે તેના મનના વિચારો અને ભાવનાઓ પણ પ્રગટ થતી દેખાય છે. ત્યાં કાંઈ ગુપ્ત નથી જ. બધું પ્રગટ જ છે. વસ્તુઓના રંગરૂપ વધારે સુંદર અને કલાત્મક લાગે છે. વસ્તુઓ ચેતના સભર લાગે છે. ભૌતિક-ઈન્દ્રિયો આ બધી વસ્તુઓ જાણી જ શકતી નથી. શ્રી અરવિંદ જણાવે છે કે Objects too fine for our material grasp,

વ્યક્તિઓના કર્મો બાબત પણ આવો જ તફાવત જણાય છે. તેના દરેક કાર્યમાં દિવ્યતા પ્રગટતી લાગે છે. તેઓ વધારેને વધારે સત્યનિષ્ઠ હોય છે. તેમનો હેતુ પણ પ્રભુના સંકલ્પાનુસાર હોય છે અને તેથી જ તે સત્યનિષ્ઠ બને છે. કર્મોમાં ચેતના રેડાતી લાગે છે. દિવ્ય-ચેતનાનો પ્રકાશ કર્મોદ્વારા પ્રગટ થતો હોય છે. આવી દિવ્ય-ચેતના માનવો દ્વારા ભાગ્યે જ પ્રગટ થાય છે. માનવી કર્મો કામ-ક્રોધાદિ વિકારોથી ગ્રસ્ત હોય છે. સ્વાર્થી અને તમોગ્રસ્ત હોય છે. તેમાં અપૂર્ણતાઓ પણ ઘણી હોય છે. જ્યારે આ કર્મોમાં પૂર્ણતા હોય છે. કર્મો

પ્રભુની લીલા જેવા ભાસે છે. શ્રી અરવિંદ લખે છે કે Acts vibrant with a superhuman light.

માનવી વર્તન અવચેતન અને અચેતનનાં ઓછાયા નીચે થતું હોય છે. તેમાં પૂર્વગ્રહો, અજ્ઞાન અને તમસનો પરિણામ દેખાય છે. જ્યારે આ સૂક્ષ્મલોકમાંના વ્યક્તિઓનું વર્તન સંવાદમય અને દિવ્ય-શક્તિઓથી સંચાલિત લાગે છે. તેનો દિવ્ય-હેતૂ પ્રગટ હોય છે. શ્રી અરવિંદ જણાવે છે કે And movements pushed by a superconscient force.

ત્યાનો આનંદ અને સુખ એટલા તીવ્ર શુદ્ધ અને કાયમી હોય છે કે તેવો આનંદ માનવે કોઈ વખત માણ્યો જ નહિ હોય. શ્રી અરવિંદ લખે છે કે And joys that never flowed through mortal limbs. આ આનંદ અક્ષય સ્વરૂપનો હતો અને તે આંતરિક હતો. બાહ્ય વસ્તુ ઉપર આધાર રાખતો જ નહોતો. બાહ્ય વસ્તુ તો આંતરિક-આનંદ પ્રગટ કરવાનાં ફક્ત નિમિત્ત બનતાં.

ત્યાંનું સૃષ્ટિ-સૌંદર્ય પણ અપ્રતિમ હતું. સમગ્ર સૃષ્ટિ સભાન અને ચેતનવંતી લાગતી હતી. સૃષ્ટિમાંથી સતત પ્રેમ અને સહકારનાં આંદોલનોનો જાણે અખૂટ પ્રવાહ વહી રહ્યો હતો. સૃષ્ટિમાં કાંઈ ક્રૂરતા કે વિનાશનો ભાવ દેખાતો જ નહોતો. બધું જ પૂર્ણ સંવાદમય સ્થિતિમાં લાગતું હતું અને તેથી જીવન પણ સુંદર બની ગયું હતું. શ્રી અરવિંદ લખે છે કે

And lovelier scenes than earth's and happier lives.

સારાંશ સમગ્ર જગતમાંની દરેક વસ્તુ માત્રનાં રૂપો પ્રભુએ જ લીધેલાં છે એ સત્ય ત્યાં ભૌતિક જગતની જેમ ગુપ્ત નહોતું પણ પ્રગટ જાહેર અને જીવંત હતું. જે સત્ય આપણે અહિં ભૌતિક જગતમાં શોધવું પડે છે તે ત્યાં બાહ્ય સપાટીએ પણ પ્રગટ જ હતું. ત્યાં પ્રભુ અને જગત વચ્ચે કોઈ આવરણ જ નહોતું. પ્રભુ જ જગતરૂપે મહાલતા અનુભવાઈ રહ્યાં હતાં.

---

## અગ્નિનું સ્વરૂપ

પ્રભુના મિલન માટે જ પોકાર ઊઠે છે તે જ પ્રભુ માટેનો પરમ અવિનાશી અગ્નિ છે. એ પરાશક્તિનો અગ્નિ છે. વેદ પણ જેમાંથી ઉત્પન્ન થયા છે એ અગ્નિની અહીં વાત છે. - **શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી**

# વેદ વિજ્ઞાન

## વૈદિક વિદ્યાઓ

પ્રકરણ-૩ - (ગતાંકથી ચાલુ)

**વૈદિકસૂક્તો - પુરુષ સૂક્ત**

**સહસ્રશીર્ષા પુરૂષઃ સહસ્રાક્ષઃ સહસ્રપાતઃ ।**
**સ ભૂમિં સર્વતઃ સ્પૃત્વા અત્યતિષ્ઠત દશાંગુલમ્ ॥**

તે પરમતત્વે અનંતરૂપે પ્રકટ થવાનાં સંકલ્પને કારણે વિવિધ પ્રાણીઓ રૂપે વિવિધ આકારો ધારણ કર્યાં. તેથી તેમને જાણે હજારો મસ્તક હોય (સહસ્રશીર્ષાઃ) હજારો આંખો હોય (સહસ્રાક્ષઃ) અને હજારો પગ હોય (સહસ્ત્રપાત્ઃ) એવું લાગે છે તે પરમતત્વ આ શરીરમાં (સભૂમિં) સર્વત્ર (સર્વતઃ) ઓતપ્રોત (સ્પૃત્વા) છે. અર્થાત મન, પ્રાણ અને શરીરમાં પણ ઓતપ્રોત છે. એટલું જ નહી પણ તે મસ્તકની ઉપર પણ દસ આંગળ ઉર્ધ્વમાં રહેલ છે. (અત્યતિષ્ઠત્ દશાંગુલમ્)

**પુરૂષ એવેદં સર્વ યદ્યભૂતં યચ્ચ ભાવ્યમ્ ।**
**ઉતામૃત ત્વસ્યેશાનો યદન્નેનાતિરોહતિ ॥**

જે આ શરીરમાં નિર્માણ થએલ છે અર્થાત્ મન, પ્રાણ અને શરીર તથા ચર્મ, હાડકાં, માંસ, રૂધિર, વીર્ય વગેરે સપ્તધાતુઓ (યદ્ ભૂતમ્) તેમજ જે (યચ્ચ) ભવિષ્યમાં નિર્માણ થવાનું છે તે અતિમનસ દેહ વગેરે (યદ્ભાવ્યમ્) તે બધું જ (સર્વમ્) ઉત્તમપુરૂષ માત્ર છે (પુરૂષં એવેદમ્) અર્થાત તે બધા જ ઉત્તમપુરૂષે ધારણ કરેલાં આકાર માત્ર છે. કારણ (ઉત) તે ઉત્તમપુરૂષ જ જન્મ મરણનાં ફેરામાં ન પ્રવેશેલાં એવા અક્ષરપુરૂષનો (અમૃતસ્ય) પણ સ્વામી છે. (ઈશાનઃ) અને જે અન્નથી (યદ્અન્નેન) વૃદ્ધિ પામે છે (અતિરોહતિ) તેવા શરીરનો ધારક જે ક્ષર પુરૂષનો પણ સ્વામી છે.

**એતાવાન્ અસ્ય મહિમાનો જ્યાયાંશ્ચ પૂરૂષઃ ।**
**પાદો અસ્ય વિશ્વા ભૂતાનિ ત્રિપાદસ્યામૃતન્ દિવિ ॥**

આ જ તેની શ્રેષ્ઠતા છે (એતાવન્ અસ્ય મહિમાનો) માટે જ તેને ઉત્તમ

પુરૂષ તરીકે વર્ણવેલ છે (અતો જ્યાંયાંશ્ચ પુરૂષઃ) આ ઉત્તમ પુરૂષનો ચોથો ભાગ આ ભૌતિક શરીરરૂપી વિશ્વ થયેલ છે (પાદો અસ્ય વિશ્વા ભૂતાનિ) અર્થાત તે ક્ષરપુરૂષ તરીકે રહેલ છે તેના બાકીના ત્રણ ભાગ તો (ત્રિપાદ) અવકાશમાં અર્થાત મસ્તકની ઉપર (દિવિ) અક્ષરપુરૂષ સ્વરૂપે (અમૃતં) રહેલ છે.

નોંધ : (૧) વેદાંતમાં 'વિશ્વ' એટલે સ્થૂલ શરીરનો અર્થાત્ જાગૃત અવસ્થાનો અભિમાની જીવાત્મા તેને જ 'વિશ્વ' કહે છે.

(૨) ગીતાના ૧૫માં અધ્યાયમાં ક્ષર અને અક્ષરપુરૂષ તથા ઉત્તમપુરૂષનો ઉલ્લેખ છે.

**ત્રિપાદ્ ઉર્ધ્વ ઉંદૈત્ પુરૂષઃ પાદોસ્યેહ અભવત્ પુનઃ ।**
**તતો વિશ્વ વ્યાક્રામાત્ સાશનાનશને અભિ ॥**

ઊગતા ચંદ્ર જેવા સૌમ્ય પ્રકાશવાળો (ઉદૈત્) બ્રહ્મરંધ્રની ઉપર (ઊર્ધ્વ) કાયમ માટે રહેલ છે. (તેથી જ તેને 'અક્ષર' કહેવામાં આવે છે) પરંતુ તેનો બાકીનો એક ભાગ (પાદો અસ્ય) અહિં આ સ્થૂલ શરીરમાં (ઈહ) ફરી ફરી વાર દેહ ધારણ કરી જન્મે છે (પુનઃ) અને વિકાસ સાધે છે અને વિકાસ પૂર્ણ થયા બાદ જ તે (સ) આ શરીરધારણાની પ્રક્રિયા (વિશ્વં)ને બધી જ રીતે (અભિ) અર્થાત ભોગ ભોગવતી વખતે (અશને) તેમજ ભોગ ભોગવવામાંથી નિવૃત થાય ત્યારે (અનશને) વટાવી જાય છે. (વ્યક્રામત્) અર્થાત તેની ચેતના બધી જ અવસ્થામાં કાયમ માટે ઉપર સ્થિર થઈને ઉન્મની અવસ્થા પ્રાપ્ત કરે છે.

**તતો વિરાટ્ અજાયત વિરાજા અધિપૂરૂષઃ ।**
**સ જાતો અત્યેરિચ્યત પશ્ચાત્ ભૂમિં અથો પુરઃ ॥**

આ રીતે ઉન્મનિ અવેસ્થા પ્રાપ્ત કર્યા બાદ (તતો) વિશાળતાની (વિરાટ) અનુભૂતિ જન્મે છે અર્થાત થવા માંડે છે (અજાયત્) આ વિશાલતામાંથી પછી જીવનના બધા ક્રિયાકલાપો અને કર્મો ઉપર અધિકાર અને નિયંત્રણ રાખનારો અધ્યક્ષ આવિર્ભાવ પામે છે (વિરામો અધિપુરુષ) (નોંધ - ગીતાના અધ્યાયમાં આત્માની સાક્ષી અનુમંતા અધ્યક્ષ એવા ચડતા ક્રમની અવસ્થાઓ વર્ણવેલ છે. ) તે બાદ તેમાંથી તેનું (સ) અતિશય શ્રેષ્ઠપ્રકારનું અંતિમ। (અતિરિચ્યત) રૂપાંતર આવિર્ભાવ પામે છે (જાતો) તે પછી (પશ્ચાત્) તે ઊત્તમપુરૂષની એવી અવસ્થા નિર્માણ થાય છે કે તે પાર્થિવતત્વ (ભૂમિઃ) તેમજ (અથ) શરીર (પુરઃ)નું પણ રૂપાંતર કરે છે.

**તસ્માત્ યજ્ઞાત્ સર્વહુતઃ સંભૃત પૃષદાજ્યયમ્ ।**
**પશૂંસ્તાંશ્ચક્રે વાયવ્યા નારણ્યાન્ગ્રામ્યાશ્ચયે ॥**

આ રૂપાંતરની પ્રક્રિયા સ્વરૂપ યજ્ઞમાં (તસ્માત્ યજ્ઞાત્) બધું જ આહૂતી રૂપે અર્પણ થવાથી (સર્વ હુતં) અર્થાત મન, પ્રાણ અને સપ્તધાતુ સાથે શરીર સમર્પિત થવાથી તે બધાં જ તત્વો ઉત્તમ પુરૂષનાં સારા ચાકર (સંજાતમ્) બનીને તથા રૂપાંતર પામી (પૃષદ્) આનંદમય (આજ્યમ્) બની જાય છે. (નોંધ = પૃષદ્ એટલે દહી, દહી જેમ દૂધમાંથી રૂપાંતર પામે તેમ, આજ્યમ્, એટલે ઘી. ઘી જેમ દુધનું સારતત્વ છે, સત્વ છે. તેમ આનંદ એ અસ્તિત્વમાત્રનું સારતત્વ છે) અને તે આનંદને (તાન્) પ્રાણતત્વમાંથી નિર્માણ થએલી (વાયવ્યાન્) એવી (યે) જંગલી (આરણ્યા) અસંસ્કૃત (ગ્રામ્યાશ્ચ) અને પશુ સમાન (પશૂમ) શારીરિક પેશીઓ પણ ધારણ કરતી થાય છે (ચક્રે) અર્થાત કેટલી પણ તામસિક, કુસંસ્કારી શરીરપેશીઓ હોય તો પણ તેવી પેશીઓ આનંદને ધીમે ધીમે ધારણ કરતાં શીખે છે.

**તસ્માત્ યજ્ઞાત્ સર્વહુતઋચઃ સામાનિ જજ્ઞિરે ।**
**છંદાસં જજ્ઞિરે તસ્માત્ યજુસ્તસ્માત્ અજાયત ॥**

તે રૂપાંતરકારી પ્રક્રિયારૂપ યજ્ઞમાં (તસ્માત્ યજ્ઞાત્) અને તેથી પરમતત્વમાંથી અર્થાત ઉત્તમપુરૂષમાંથી સ્ફૂરેલી પરમપ્રભુના આવાહ્નરૂપ રૂચાઓ (ઋચઃ) અને સ્તુતી પર સ્તોત્રો (સામાનિ) પ્રકટ થાય છે. (જજ્ઞિરે) તેમાંથી છંદાત્મક મર્મીગૂઢ કાવ્યો (છંદાસિ) પણ પ્રકટ થાય છે ((જજ્ઞિરે) તેમજ તેમાંથી (તસ્માત્) રૂપાંતરની પ્રક્રિયારૂપ યજુર્વેદ (યજુ) પણ પ્રકટ થાય છે (અજાયત્) અર્થાત સાધકમાં સત્યદર્શી વેદવાણી અને વેદજ્ઞાન પ્રકટ થાય છે તેમજ દિવ્ય ક્રિયાઓ નિર્માણ થાય છે.

**તસ્માદશ્વાઃ અજાયન્ત યે કે ચોભયાદંતઃ ।**
**ગાવોહ જજ્ઞિરે તસ્માત્ તસ્માત્ જાતા અજાવયઃ ॥**

તેમાંથી (તસ્માત્) શુદ્ધ સ્વરૂપનાં પાંચ પ્રાણ (અશ્વાઃ) જન્મે છે (અજાયંત) જે ભોગ અને મુક્તિ બન્નેના સમાનરીતે આસ્વાદ લે છે (ઉભયદંતાઃ) તેમાંથી દિવ્ય-પ્રકાશ સ્વરૂપ ગાયો પણ જન્મે છે (ગાવો હ જજ્ઞિરે) (ગો=પ્રકાશ) અને તે દિવ્ય પ્રકાશમાંથી વળી (તસ્માત્) વિશુદ્ધ આત્મસમર્પણ કરવાની ક્ષમતા

(અજાવય્) જન્મે છે (જાતા) (અજા = બકરાં, આત્મ સમર્પણ)

**તં યજ્ઞં બહિર્ષિ પ્રોક્ષન્ પુરૂષં જાતમગ્રતઃ ।**

**તેન દેવાઃ અજયંત સાધ્ધયાઃ ઋષયશ્ચયે ॥**

જે સાધકો (સાધ્યાઃ) અને સિદ્ધ પુરૂષો (ઋષયશ્ચ) છે તેઓએ તે રૂપાંતરની પ્રક્રિયા રૂપ યજ્ઞથી જ (તેન) દૈવીતત્વોને (દેવાઃ) આરાધ્યા છે (અયજન્ત) આ રીતે તે યજ્ઞમાં સતત અભીપ્સાનો અભિષેક (બહિર્ષી પ્રોક્ષન) કરવાથી તે પછી જ આગળ (અગ્રતઃ) ઉત્તમપુરૂષ (પુરૂષં) આવિર્ભાવ પામે છે (જાતમ્)

**યત્પુરૂષં વ્યદધુઃ કતિધા વ્યકલ્પયન ।**

**મુખં કિમસ્યાસીત્ કિં બાહુ કિમ્ ઊરુ પાદાઃ ઉચ્ચતે ॥**

આવો જે ઉત્તમપુરૂષ (યત્પુરૂષં) તેને સાધકો ધારણ કરે છે (વ્યદધુઃ) તેની કેટલાએ પ્રકારે (વૃતિધા) કલ્પના કરવામાં આવી છે (વ્યકલ્પયત્) અને લાક્ષણિક પ્રશ્નો પુછ્યા છે કે તેનું મુખ શું છે ? (મુખં કિં અસ્ય આસીત્) તેના બાહુ શું છે ? (કિં બાહુ) તેના સાંથળ શું છે ? (કિમ ઊરું) તેના પગ શું છે ? (પાદાઃ ઉચ્યતે) અર્થાત તેના ચારે ભાગનાં લક્ષણ શું છે ? (ઉત્તમપુરૂષને ચાર પ્રકારના આવિર્ભાવ સ્વરૂપે કલ્પેલ છે) (ક્રમશઃ)

---

(પાના નં.૩૭નું આગળ) **ઉપનિષદોનું અમૃત**

બ્રહ્મતત્વની લહેર માનશો તો વિકારો નિર્માણ થતા બંધ થશે નહિં પણ અસીમ ચેતનાનું સતત ધ્યાન કરશો. તેવો ભાવ રાખશો તો મનમાં વિકારો નહિં પ્રવેશે. તેથી ઉદ્ગીથ વિદ્યામાં સોહં નો જપ સાથે અસીમ-બ્રહ્મ તત્વનું ધ્યાન અને ભાવ પણ ધારણ કરવો જરૂરી છે. બીજુ પ્રાણતત્વ શુદ્ધ નહિ થાય ત્યાં સુધી અન્ય ઈન્દ્રિયોની શુદ્ધિ શક્ય નથી. પ્રાણ જ તેમનો આધાર હોવાથી તેને શુદ્ધ કરવો જરૂરી છે. આવા અવિનાશી બ્રહ્મભાવમાં પ્રવેશતા જ સનાતનતા અને નિર્ભયતાનો અચૂક અનુભવ આવે છે એવું અંતે ઉપનિષદ નોંધે છે.

આવી આ ઉદ્ગીથ વિદ્યા છે.

# પ્રભુની પળ

૧૫ ઓગષ્ટ, ૧૯૫૪

એવી ક્ષણો આવે છે કે જ્યારે આત્મા માણસોની મધ્યે ફરવા લાગે છે અને પ્રભુનો ઉચ્છ્વાસ આપણા અંતરનાં નીર ઉપર વિચરવા માંડે છે; અને એવી પણ ક્ષણો આવે છે કે જ્યારે એ પાછો ચાલ્યો જાય છે અને માણસોને ત્યારે કેવળ પોતાના અહંની શક્તિના કે પછી અશક્તિના જોરે કામ કરતા રહેવું પડે છે. આમાંથી પહેલા પ્રકારનો કાળ એવો છે કે એ વેળા તમે થોડોક સરખો પ્રયત્ન કરો તો પણ તેનાં મહાન પરિણામો આવે છે અને આખું યે ભાવિ પલટાઈ જાય છે. બીજા પ્રકારનો કાળ એવો છે કે તેમાં તમે ગમે તેવો ભારે પુરૂષાર્થ કરો પણ તેમાંથી નાનું સરખું જ પરિણામ આવે છે. હા, એ સાચું છે કે આ બીજા પ્રકારની સ્થિતિ પહેલા પ્રકારની સ્થિતિના સર્જન માટેની તૈયારી રૂપ બની શકે છે, આકાશ પ્રત્યે ચડતી યજ્ઞની નાનકડી ધૂમ્રસેર પ્રભુની પરમ સમૃદ્ધિની વર્ષાને નોતરી લાવે છે.

આ દિવ્ય પળ આવીને ઊભી રહે તે વેળાએ જે માનવ કે જે રાષ્ટ્ર નિદ્રામાં જ પોઢી રહેલો હોય કે પછી એ પળનો લાભ લેવાને સજ્જ ન હોય એનું તો દુર્ભાગ્ય જ કહેવાય. એવા માનવે, એવા રાષ્ટ્રે પ્રભુના સ્વાગત માટે દીપકની વાટને સંકોરી રાખેલી નથી હોતી, પ્રભુના પુકારની સામે કાનને બીડી રાખેલા હોય છે. પણ જેઓ બળવાન છે અને જાગતા તૈયાર બેઠેલા હોય છે, છતાં આ શક્તિ જ્યારે આવે ત્યારે તેને વણસી જવા દે છે કે પછી એ પળનો દુર્વ્યય કરે છે, તેમનું દુર્ભાગ્ય તો બેહદ છે. એમને માટે તો પછી રહે છે કોઈ અસીમ હાનિ કે કોઈ મહા વિનાશ.

પ્રભુની આ પળ તો ઘણી વાર ભીષણ હોય છે. એ તો એક અગ્નિ જેવી આવે છે, વંટોળ અને તૂફાન જેવી આવે છે, એ વેળાએ પ્રભુના રુદ્ર ચરણ દ્રાક્ષાસવના ભાણ્ડને ગૂંદી રહ્યા હોય છે. પણ આ ભીષણ ક્ષણે જે પોતાના ધ્યેયના સત્ય પર ખોડાઈને ઊભી શકે છે એ જ એ આંધીમાં આખર લગી ટકી રહેશે; એ પડશે તો પણ પાછો ઊભો થઈ જશે, વાયુની પાંખ અને લઈને વહી જતી દેખાશે તો પણ તે પાછો આવશે. અને એ પણ ધ્યાન રાખજે કે જગતનું ડહાપણ ધીમે ધીમે બોલતું તારા કાનને વધુ પડતા ભંભેરી ન મૂકે, કારણ આ પ્રભુની પળમાં તો બધું જ અણધાર્યું બનતું હોય છે. – શ્રી અરવિંદ

(પ્રભુની પળ આવી પહોંચી છે. સાવધાન..... તંત્રી)



**શ્રી અરવિંદ**

ભારતની ગરિમા અતિ, દિવ્યપરંપરા અગાધ,
શ્રી અરવિંદે સચેત કર્યો, જગદ્‌ગુરૂ પદે વિખ્યાત.

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. REGD. No.GRJ-303



આપુ તુજને આશીષ અંતરના.

DATE OF POSTING : 1st OF EVERY MONTH